ગાંધીનગર અને કચ્છથી ગુજરાતી અને હિન્દી ભાષામાં એકસાથે પ્રસિદ્ધ થતું એકમાત્ર દૈનિક

http://www.chanchal.co | chanchal61@yahoo.com | chanchal news | chanchal news | +91 94276 13250

Date : 31-03-2023, Friday • Issue NO. : 333 • Year : 22 • Page : 4 • Price : 0.60

ચંચળ દૈનિક
આપની સંસ્થાના સમાચાર ઈ-મેલ પર મોકલો
E-mail : chanchal61@yahoo.com
જાહેરાત આપવા માટે સંપર્ક કરો
ગાંધીનગર : ૯૪૨૭૬ ૧૩૨૫૧, ભુજ : ૯૪૨૭૬ ૧૩૨૫૦

# ચંચળ

ગાંધીનગર આવૃત્તિ

દેશની તથા ગુજરાતની પલે-પલની ખબર હવે એક ક્લીક પર
જોતા રહો ચંચળ ન્યુઝની વેબસાઈટ
www.chanchal.co

R.N.I. Reg. No. GUJGUJ2001/04216 | તંત્રી : જયેન્દ્ર ઉપાધ્યાય | તા. ૩૧-૦૩-૨૦૨૩, શુક્રવાર • અંક નં. ૩૩૩ • વર્ષ : ૨૨ • પાના : ૪ • REGD: GKCH-36/2018-20

# ઈન્દોરમાં રામનવમી પર મોટી દુર્ઘટના : મંદિરમાં કૂવાની છત તૂટતાં ૧૪નાં મોત, ૧૯ લોકો હોસ્પિટલમાં

ઈન્દોરઃ આજે રામનવમીના અવસરે મધ્ય પ્રદેશના ઈન્દોરમાં એક મોટી દુર્ઘટના ઘટતા બેલેશ્વર મહાદેવ ઝૂલેલાલ મંદિરના કુવાની છત ધસી પડી છે. આ દુર્ઘટનામાં ૩૦થી વધુ વધારે લોકો કૂવામાં ખાબકતાં કાટમાળ નીચે દટાયા હતા. જેમાંથી ૧૪ લોકોના મોત થયા છે. અત્યાર સુધીમાં ૧૯ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જ્યારે બાકીના લોકોને બચાવવા માટે રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. વાવમાંથી પાણી કાઢવા માટે મોટર (પંપ) મંગાવવામાં આવ્યા છે. આ અકસ્માત સ્નેહ નગર પાસે પટેલ નગરમાં થયો હતો. અહી બેલેશ્વર મહાદેવ ઝુલેલાલ મંદિરમાં કુવા ઉપરની છત તૂટી ગઈ હતી. જેના કારણે તેના પર ઉભેલા લોકો કૂવામાં પડી ગયા હતા. રામનવમી પર મંદિરમાં હવન ચાલી રહ્યો હતો.એમપી સીએમ શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે લોકોને બચાવાના પ્રયાસો થઈ રહ્યાં છે. જે લોકો ફસાયેલા છે તેમને બહાર કાઢવાના પ્રયાસો ચાલુ છે. બહાર કાઢવામાં આવેલા લોકોને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, તેઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે રામનવમી પર મંદિરમાં હવન થઈ રહ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લેવા પહોંચ્યા હતા. લોકો પૂજા-અર્ચના કરી આરતી કરી રહ્યા હતા. મંદિરમાં એક કૂવો હતો. જેના પર ૧૦ વર્ષ પહેલા છત નાખવામાં આવી હતી. પૂજા દરમિયાન, ૨૦-૨૫ લોકો કૂવાની છત પર ઉભા હતા, જ્યારે છત તૂટી ગઈ હતી. છત તૂટી પડવાને કારણે લગભગ ૨૦-૨૫ લોકો કૂવામાં પડી ગયા હતા. આ કૂવો ૫૦ ફૂટ ઊંડો હોવાનું કહેવાય છે.જિલ્લા પ્રશાસને ઘટનાસ્થળે પહોંચીને બચાવ કાર્ય શરૂ કરી દીધું છે. જોકે, કૂવામાં પાણી છે, જેના કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલી પડી રહી છે. લોકોને મંદિરની નજીક જવાની મનાઈ ફરમાવવામાં આવી છે. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે બેલેશ્વર મહાદેવ મંદિરની ઘટનાની નોંધ લીધી છે. શિવરાજ સિંહે ઈન્દોરના કલેક્ટર અને કમિશનરને ફોન કરીને બચાવ કામગીરી ઝડપી બનાવવા સૂચના આપી છે. મુખ્યમંત્રી કાર્યાલય સતત ઈન્દોર જિલ્લા વહીવટીતંત્રના સંપર્કમાં છે. ઈન્દોરના સાંસદ શંકર લાલવાણીએ કહ્યું કે સંખ્યા વિશે જણાવવું મુશ્કેલ છે. ૭ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. અમારી પ્રાથમિકતા કુવામાં પડેલા લોકોને વહેલી તકે બહાર કાઢવાની છે. રેસ્ક્યુ ટીમ, પોલીસ અને સ્થાનિક લોકો લોકોને બહાર કાઢવામાં વ્યસ્ત છે. જેમને બહાર કાઢવામાં આવ્યા છે તેઓને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.

## દેશ પરદેશથી

### ફિલિપિન્સમાં મોટી દુર્ઘટના, ૨૫૦ લોકોને લઈ જઈ રહેલી ફેરીમા લાગી આગ, જીવતા સળગ્યા અનેક લોકો

દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશ ફિલિપિન્સમાં ગુરુવારે (૩૦ માર્ચ) એક મોટી દુર્ઘટના થઈ હતી. અહીં ૨૫૦ લોકોને લઈ જતી ફેરીમાં આગ લાગી હતી. આ દુર્ઘટનામાં ઘણા લોકો જીવતા દાઝી ગયા હોવાની માહિતી સામે આવી છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટનામાં આગને કારણે ઘણા લોકો દાઝી ગયા છે. આ ભયાનક અકસ્માત બાદ તરત જ રાહત અને બચાવ કાર્ય શરુકરી દેવામાં આવ્યું છે. ન્યૂઝ એજન્સીના રિપોર્ટ અનુસાર, આ ઘટના પ્રશાંત મહાસાગરમાં ત્યારે બની જ્યારે ફિલિપિન્સમાં ૨૫૦ લોકોને લઈ જતી ફેરીમાં આગ લાગી હતી. અત્યાર સુધીમાં ૧૨ લોકોના મોતની પુષ્ટી થઈ છે અને ૭ લોકો ગુમ હોવાનું કહેવાય છે. ફિલિપિન કોસ્ટ ગાર્ડ્સ (PCG) એ અહેવાલ આપ્યો કે પેસેન્જર ફેરી દક્ષિણ ફિલિપાઈન્સના દરિયામાંથી પસાર થઈ રહી હતી ત્યારે બલુક ટાપુ નજીક આગ લાગી હતી. બલુક ટાપુ ફિલિપાઈન્સના બેસિલાન પ્રાંતમાં આવે છે. ઝામ્બોગા સ્થિત ફિલિપિન કોસ્ટ ગાર્ડ (PCG)ના જણાવ્યા અનુસાર, આગને કાબૂ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. બેસિલાનના દક્ષિણી ટાપુ પ્રાંતના ગવર્નર જિમ હેટમેને જણાવ્યું હતું કે આગ ફાટી નીકળ્યા બાદ ઘણા લોકો ગભરાઈને કૂદી પડ્યા હતા. તેઓને કોસ્ટ ગાર્ડ, નેવી, અન્ય બોટ અને સ્થાનિક માછીમારો દ્વારા દરિયામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૨૩ મુસાફરો ઘાયલ થયા છે, જેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગવર્નર જિમ હેટમેને ન્યૂઝ એજન્સી 'ધ એસોસિએટેડ પ્રેસ' સાથે ફોન પર વાતચીતમાં કહ્યું હતું કે 'આગને કારણે થયેલા હોબાળો થતા કેટલાક મુસાફરો જાગી ગયા હતા. કેટલાક ઓવરબોર્ડ કૂદી ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ડૂબી જવાથી મૃત્યુ પામેલા મોટાભાગના લોકોના મૃતદેહ મળી આવ્યા છે. ફિલિપિન્સ દ્વીપસમૂહમાં દરિયાઈ અકસ્માતો સામાન્ય છે, ખાસ કરીને દૂરના પ્રાંતોમાં, વારંવારના તોફાનો, ખરાબ નૌકાઓ, વધુ ભીડ અને સલામતી નિયમોના ઢીલા અમલને કારણે અહી દુર્ઘટનાઓ થાય છે.

### સાબિત કરો કે હું ભાગેડૂ છું, રાહુલ ગાંધીને યૂકેની કોર્ટમાં ઢસડી જઈશઃ લલિત મોદીએ આપી ચિમકી

નવી દિલ્હીઃ મોદી સરનેમને લઈને આપવામાં આવેલા નિવેદનમાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીને સુરતની કોર્ટ દ્વારા બે વર્ષની સજા અને બાદમાં લોકસભાની સદસ્યતા ખતમ થતાં મુશ્કેલી ઘટવાનું નામ નથી લેતી. હવે આઈપીએલના પૂર્વ કમિશ્નર લલિત મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે, રાહુલ ગાંધી હવે સાધારણ નાગરિક છે. તે વારંવાર કહે છે કે, હું ભાગેડૂ છું. પણ હું કેવી રીતે ભાગેડૂ છું. હું પણ એક સામાન્ય નાગરિક છું. મને એવું લાગે છે કે, વિપક્ષી નેતાઓ પાસે કરવા માટે કંઈ નથી. તેમની પાસે કાં તો ખોટી જાણકારી છે અથવા તો, બદલાની ભાવનાથી બોલે છે. લલિત મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે, રાહુલ ગાંધીને પોતાના આ નિવેદન માટે લંડનની કોર્ટમાં લઈને જઈશ. લલિત મોદીએ ટ્વિટ કરીને લખ્યું કે, હું રાહુલ ગાંધી વિરુદ્ધ તુરંત યૂકેની કોર્ટમાં જઈશ. મને વિશ્વાસ છે કે, તેમને પાક્કા પુરાવા સાથે અહીં આવવું પડશે. હું તેને બેવકુફ બનતા જોવા માટે ઉત્સુક છું. લલિત મોદીએ કહ્યું કે, મેં છેલ્લા ૧૫ વર્ષમાં આઈપીએલમાંથી એક પૈસો પણ નથી લીધો. હા એ જરુર છે કે, મેં આઈપીએલ દ્વારા બોર્ડને ૧૦૦ કરોડથી વધારેની કમાણી કરાવી છે. લલિત મોદીએ રાહુલના આરોપ પર સીધા પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસના કેટલાય નેતાઓ પાસે વિદેશોમાં સંપત્તિ છે. એટલું જ નહીં તેમણે કહ્યું કે, તે તેમનો ફોટો અને પુરાવા પણ મોકલી શકે છે. લલિત મોદીએ કહ્યું કે, રાહુલ ગાંધીને લાગે છે કે તે આ દેશમાં શાસન કરવા માટે જ બન્યા છે અને અસલી હકદાર છે. તેમણે કહ્યું કે, તે ભારતમાં પરત આવી શકે છે. પણ તેના માટે નવા કાયદાની જરુર પડશે.

### ટ્વિટરની સૌથી મોટી કાર્યવાહી, પાકિસ્તાન સરકારનું ટ્વિટર એકાઉન્ટ ભારતમાં કર્યું બ્લોક

મોટી કાર્યવાહી કરતા ટ્વિટરે ભારતમાં પાકિસ્તાન સરકારનું એકાઉન્ટ બ્લોક કરી દીધું છે. ટ્વિટર પર જારી કરવામાં આવેલી નોટિસ અનુસાર, પાકિસ્તાન સરકારનું એકાઉન્ટ કાયદાની માંગ પર બંધ કરવામાં આવ્યું છે. ટ્વિટરની ગાઈડલાઈન મુજબ, કોર્ટના આદેશ અથવા સરકારની માંગ જેવી માન્ય કાનૂની માંગ પર એકાઉન્ટને બ્લોક કરવું પડશે. રોઈટર્સના અહેવાલ મુજબ પાકિસ્તાન સરકારનું ટ્વિટર એકાઉન્ટ અન્ય દેશો જેવા કે અમેરિકા, કેનેડા વગેરેમાં સક્રિય છે. હજુ સુધી આ મામલે ભારત કે પાકિસ્તાનના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રીઓ તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. પાકિસ્તાન સરકારનું ટ્વિટર એકાઉન્ટ ખોલવા પર, ત્યાં લખવામાં આવ્યું છે, "ભારતમાં પાકિસ્તાન સરકારનું ટ્વિટર એકાઉન્ટ ભારતમાં કાયદાની માંગના જવાબમાં સસ્પેન્ડ કરવામાં આવ્યું છે." છદ્ગેંના અહેવાલ મુજબ, આ ત્રીજી વખત છે જ્યારે પાકિસ્તાનના ટ્વિટર એકાઉન્ટને ભારતમાં જોવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અગાઉ જુલાઈ ૨૦૨૨ માં, પાકિસ્તાન સરકારના ટ્વિટર એકાઉન્ટને ભારતમાં પ્રતિબંધિત કરવામાં આવ્યું હતું, જોકે પછીથી તે ફરીથી દેખાવા લાગ્યું હતું. ગયા વર્ષે જૂનમાં, ટ્વિટર ઈન્ડિયાએ ભારતમાં સંયુક્ત રાષ્ટ્ર, તુર્કી, ઈરાન અને ઈજિપ્તમાં પાકિસ્તાની દૂતાવાસોના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટ્સને બ્લોક કરી દીધા હતા. આ સાથે ભારતે ભારત વિરોધી નકલી માહિતી ફેલાવવા બદલ પાકિસ્તાનથી ચાલતી ઘણી યુટ્યુબ ચેનલો અને ફેસબુક એકાઉન્ટ પર પણ પ્રતિબંધ લગાવી દીધો હતો.

### કોરોનાના કેસમાં ધરખમ ઉછાળો! ૧ દિવસમાં નવા કેસની સંખ્યા ૩ હજારને પાર

કોરોનાવાયરસના કેસોમાં મોટો ઉછાળો આવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા કેસનો આંકડો સીધો ૩ હજારને પાર કરી ગયો છે. છેલ્લા ૧ દિવસમાં કોરોના વાયરસના ૩૦૧૬ નવા કેસ નોંધાયા છે. આ સમયે, કોવિડ -૧૯ ના કુલ સક્રિય કેસોની સંખ્યા વધીને ૧૩,૫૦૯ થઈ ગઈ છે. આ દરમિયાન ૬ સંક્રમિત દર્દીઓના પણ કોરોનાને કારણે મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં ૩, દિલ્હીમાં ૨ અને હિમાચલ પ્રદેશમાં ૧ વ્યક્તિનું મૃત્યુ વાયરસને કારણે થયું છે. કોરોના વાયરસે સરકારની ચિંતા વધારી દીધી છે. દરમિયાન કાર્યવાહી કરતા, દિલ્હી સરકારે ઈમરજન્સી બેઠક પણ બોલાવી છે.છેલ્લા ૬ મહિનામાં એક જ દિવસમાં નોંધાયેલા સૌથી વધુ નવા કેસ છે. સક્રિય કેસોની સંખ્યા વધીને ૧૩,૫૦૯ થઈ ગઈ છે. ગયા વર્ષે ૨ ઓક્ટોબરના રોજ એક જ દિવસમાં ૩,૩૭૫ નવા કેસ નોંધાયા હતા. ભારતમાં દૈનિક પોઝિટીવીટી દર ૨.૭૩ ટકા છે અને સાપ્તાહિક પોઝિટીવીટી દર ૧.૭૧ ટકા છે. દર્દીઓનો રિકવરી રેટ વધીને ૯૮.૭૮ ટકા થઈ ગયો છે.

## મહારાષ્ટ્રમાં બે જૂથો વચ્ચે મારામારી, પથ્થરમારો, બાદમાં ટોળાએ પોલીસની ગાડીને કરી આગચંપી

સંભાજીનગર

મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરના કિરાડપુરા વિસ્તારમાં બે જૂથો વચ્ચે મારામારી થયાની ઘટના સામે આવી છે. મારા મારી પછી અહીં પથ્થરમારો થયાના પણ સમાચાર છે. મળતી માહિતી અનુસાર, કેટલાક ખાનગી અને પોલીસ વાહનોને આગચાંપી કરવામાં આવી છે, પોલીસે લોકોને વિખેરવા બળપ્રયોગ કર્યો હતો જોકે, હવે સ્થિતિ કાબુમાં છે. છત્રપતિ સંભાજીનગરના સીપી નિખિલ ગુપ્તાએ જણાવ્યું હતું કે બદમાશો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ સમગ્ર મામલે સાંસદ ઈમ્તિયાઝ જલીલની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે કહ્યું કે, નશાખોરોએ આતંક મચાવ્યો છે. પોલીસ ઘટનાસ્થળે મોડી પહોંચી હતી. કોઈ વરિષ્ઠ અધિકારી ન હતા, તેની વિગતે તપાસ થવી જોઈએ. આ ઘટના નિંદનીય છે. હું લોકોને શાંતિ જાળવવાની અપીલ કરી રહ્યો છું. પોલીસ કમિશનર નિખિલ ગુપ્તાએ જણાવ્યું કે, આ ઘટના રાત્રે ૧૨.૩૦ વાગ્યે બની હતી. કેટલાક છોકરાઓએ આ ઘટનાને અંજામ આપ્યો છે. હું શાંત રહેવા અપીલ કરું છું. તોફાનીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ પોતાનું કામ કરી રહી છે.

રામનવમીના તહેવાર પ્રસંગે શહેરના વિવિધ સ્થળોએ વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરની મિશ્ર વસ્તી ધરાવતા કિરાડપુરામાં રામ મંદિરમાં પણ તૈયારીઓ ચાલી રહી હતી. રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ યુવાનોનું ટોળું મંદિર તરફ જઈ રહ્યું હતું. અહીંથી જ તંગદિલીનો પ્રથમ તણખો ઝળ્યા હતા, પ્રાથમિક માહિતી અનુસાર, કેટલાક યુવકો મોટરસાઈકલ પર જઈ રહ્યા હતા અને સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા, ત્યારબાદ તેઓએ યુવકોને ટક્કર મારી અને તેમની વચ્ચે બોલાચાલી થઈ, બાદમાં વિવાદ વકર્યો અને મારામારી પર આવ્યો હતો, જોકે, બાદમાં બે જૂથો વચ્ચે અથડામણ થઈ હતી.

તોફાનીઓએ મંદિરની સામે ઉભેલા પોલીસ વાહનને આગચાંપી કરી દીધી હતી. ટોળું સાંભળવા તૈયાર ન હતું. થોડી જ વારમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સહિત ભારે દળ ઘટનાસ્થળે પહોંચી ગયું હતું. પરંતુ લોકોએ પથ્થરમારો કરીને કારના કાચ તોડી નાખ્યા હતા. પરિણામે ભીડને કાબૂમાં લેવા પોલીસે ગોળીબાર કર્યો હતો. બાદમાં ફાયર વિભાગની ગાડીઓએ આગને કાબુમાં લીધી હતી. અત્યારે સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં છે. તમને જણાવી દઈએ કે, ૨જી તારીખે અહીં મહાવિકાસ અઘાડીની રેલી પણ યોજાવાની છે.

## વડોદરામાં ભગવાન રામની મૂર્તિને ખંડિત કરવાનો પ્રયાસ : અજંપાભર્યો માહોલ

વડોદરા

વડોદરા શહેરમાં ભગવાનની શોભા યાત્રામાં ત્રણ ત્રણ વખત પત્થરમારોની ઘટના બની છે. પાંજરીગર મહોલ્લા બાદ કુંભારવાડા વિસ્તારમાં પણ બબાલ જોવા મળી રહી છે. અહીં પણ તોફાની તત્વો દ્વારા આડેધડ પત્થરમારો કરી વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કુંભાર વાડા વિસ્તારમાં આડેધડ પથરાવથી અફરાતફરીનો માહોલ સર્જાયો છે. તોફાનીઓ દ્વારા પત્થરો મારી ભગવાન રામની મૂર્તિને નુકશાન પહોંચાડવાનો પ્રયાસ કરાયો છે. એક જ યાત્રા પર સતત બે વખત પત્થરમારો કરાયો છે. જેના કારણે પોલીસ દ્વારા સ્થિતિ પર કાબૂ મેળવવા ટીયર ગેસના સેલ છોડાયા છે.તોફાનીઓ દ્વારા કુંભારવાડાથી લઈ યાકુતપુરા વિસ્તાર બાણમાં લીધો છે. અસંખ્ય વાહનોને પણ નુકશાન પહોંચાડવામાં આવ્યું છે. પથ્થરમારાની ઘટનામાં પોલીસ કમિશનર શમશેર સિંહનો આબાદ બચાવ થયો છે. ભારે જહેમત બાદ સ્થિતિ પર કાબૂ મેળવાયો છે. હાલ સમગ્ર વિસ્તારમાં અજંપા ભરી સ્થિતિ છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શોભા યાત્રા આગળ વધારાઈ છે. ઘટનાની જણ થતાં શહેર ભાજપના આગેવાનો પણ ઘટના સ્થળે પહોંચ્યા છે.રામનવમી નિમિત્તે નીકળેલી શોભાયાત્રાની બબાલમાં કાંચની



બોટલો વાળી પેટ્રોલ બોમ્બ પણ ફેંકાયા હોવાની માહિતી મળી રહી છે. આ ઘટનાને કારણે મોટી સંખ્યામાં પોલીસનો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે, ફતેહપુરા ચારરસ્તા પાસે આ પથ્થરમારો થયો છે. વડોદરામાં પથ્થરમારાની ઘટના બાદ ગૃહ વિભાગ એલર્ટ બન્યું છે. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પથ્થરમારાની ઘટના સામે લાલઆંખ કરી છે. આજે રાત્રે ૧૨ વાગ્યા પહેલા તોફાની તત્વોને પકડી પાડવા સૂચના આપી દીધી છે, જ્યારે કમિશનરે પણ શાંતિ જાળવવા અપીલ કરી છે. રાજ્યના તમામ પોલીસ ઉચ્ચ અધિકારીઓ ત્રિનેત્ર પહોંચ્યા છે. રાજ્યના પોલીસ વડા પણ ઉપસ્થિત છે. હાલ સીસીટીવી ફુટેજની તપાસ થશે અને ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઘટનાને પગલે કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેના માટે પોલીસે લાઠીચાર્જ કરીને ટોળાને વિખેરવાની કોશિશ કરી છે. લોકોની દોડધામ મચી ગઈ હતી. એ સાથે તોફાની ટોળા દ્વારા રોડ ઉપરની લારીઓની પણ તોડફોડ કરવામાં આવી હતી. કોમી ભડકાથી રોડ ઉપરનાં બજારો ટપોટપ બંધ થઈ ગયાં હતાં. જોકે કોમી ભડકો ઉગ્ર સ્વસ્પ્ર ધારણ કરે એ પોલીસકાફલો સ્થળ પર દોડી ગયો હતો અને તેમણે પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. ફતેપુરા વિસ્તારમાં ભરેલા અગ્નિ જેવી સ્થતી જોવા મળી રહી છે.

## ત્રિપુરા વિધાનસભામાં ભાજપના એક ધારાસભ્ય પોર્ન જોતા પકડાયા, સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ગયો વીડિયો

અગરતલાઃ વિધાનસભા, જ્યાં રાજ્યના ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકોનું જીવન સરળ બનાવવા નિયમો બનાવે છે, કોઈપણ મુદ્દા પર ચર્ચા થાય છે પરંતુ આ સ્થળ પર એક ધારાસભ્ય પોર્ન જોતા પકડાયા. મામલો ત્રિપુરાનો છે, જ્યાં ભાજપે તાજેતરમાં પૂર્ણ થયેલી ચૂંટણીમાં જીત મેળવી.

ત્રિપુરા વિધાનસભામાં ભાજપના એક ધારાસભ્ય પોર્ન વીડિયો જોતા ઝડપાયા હતા. ધારાસભ્ય આરામથી પોતાના ટેબમાં પોર્ન જોઈ રહ્યા હતા, જેનો પાછળથી કોઈએ વીડિયો રેકોર્ડ કર્યો હતો. જે હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. વિધાનસભામાં પોર્ન જોનાર ધારાસભ્યનું નામ જાદબ લાલ નાથ છે. જદબ લાલ નાથ ત્રિપુરાના બાગબાસા મત વિસ્તારમાંથી ભાજપના ધારાસભ્ય છે. તાજેતરમાં ચૂંટણી જીતીને વિધાનસભા પહોંચ્યા છે. જ્યાં તે ગૃહની કાર્યવાહીમાં ભાગ લેવાને બદલે પોર્ન જોતા પકડાયા. વિધાનસભામાં પોર્ન જોતા ભાજપના ધારાસભ્યનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. કહેવાય છે કે આ ઘટના ૨૭ માર્ચ, સોમવારે બની હતી. પરંતુ હવે આ વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

ઈન્ડિયા ટુડે નોર્થ ઈસ્ટના એક અહેવાલ અનુસાર, જાદબ લાલ નાથ વિધાનસભા સત્ર દરમિયાન તેમના ટેબલેટ પર પોર્ન જોઈ રહ્યા હતા ત્યારે કોઈએ તેમની પાછળથી વિડિયો શૂટ કર્યો હતો. જે હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

### UPA સરકાર દરમિયાન CBI મારા પર નરેન્દ્ર મોદીને ફસાવવા માટે 'દબાણ' કરતી હતીઃ અમિત શાહ

નવી દિલ્હી

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે કહ્યું કે કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકાર સમયે કેન્દ્રીય તપાસ બ્યૂરો (CBI) એ ગુજરાતમાં એક કથિત ફેક એન્કાઉન્ટર મામલે પ્રધાનમંત્રી મોદી (તે સમયે ગુજરાતના મુખ્યમંત્રી) ને ફસાવવા માટે તેમના પર 'દબાણ' નાખ્યું હતું. બુધવારે એક ટીવી ઈન્ટરવ્યુ દરમિયાન અમિત શાહે આ ખુલાસા કર્યા. અમિત શાહને વિપક્ષના એ આરોપો અંગે સવાલ કરાયો હતો જેમાં કહેવાઈ રહ્યું છે કે સીબીઆઈ અને ઈડીનો દુરુપયોગ કરીને વિપક્ષી નેતાઓને પરેશાન કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે સીબીઆઈ કોંગ્રેસ સરકાર દરમિયાન કથિત ફેક એન્કાઉન્ટર મામલે મોદીજી (જ્યારે તે સમયે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા)ને ફસાવવા માટે મારા પર દબાણી નાખી રહી હતી. તેમણે કહ્યું કે આમ છતાં ભારતીય જનતા પાર્ટી (બીજેપી)એ ક્યારેય હંગામો કર્યો નથી.

## અમદાવાદ ઈસ્કોન મંદિરમાં પણ હજારો ભક્તોની હાજરી

# અયોધ્યામાં રામનવમીની ધામધૂમથી ઉજવણી, ૨૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો

અયોધ્યા

રામનગરી અયોધ્યામાં રામનવમીની ઉજવણી કરવામાં આવે છે. ગુરુવારે બપોરે બરાબર ૧૨ વાગ્યે શ્રીરામ જન્મભૂમિમાં ભગવાન રામનો જન્મ થયો હતો.

આખું મંદિર ગુંજી ઊઠ્યું. મંગળ ગીતો મંદિર પરિસરમાં ગુંજવા લાગ્યાં. રામલલ્લાને પીળાં વસ્ત્રો, સોનાનો મુગટ અને હાર પહેરાવવામાં આવ્યો હતો. અસ્થાયી મંદિરમાં આ છેલ્લી રામનવમી છે. આવતા વર્ષે એટલે કે ૨૦૨૪ની રામનવમી પહેલાં ૧૮૦૦ કરોડના ખર્ચે બનેલા નવા મંદિરમાં રામલલ્લા બિરાજશે.

રામનવમીમાં જન્મભૂમિ દરબાર સહિત સમગ્ર મંદિરને ૫૦ ક્વિન્ટલ(૫૦૦૦ કિલો) ફૂલોથી શણગારવામાં આવ્યંર છે. સુશોભન માટે લીલાં પાંદડાં આસામ-ઓડિશામાંથી મગાવવામાં આવ્યાં છે.

મેરીગોલ્ડના ફૂલો કોલકાતાથી, જ્યારે ઓર્કિડ કેનેડામાંથી મગાવવામાં આવ્યાં છે. માત્ર જન્મભૂમિ જ નહીં, પરંતુ કનક ભવન, શ્રી રામવલ્લભ કુંજ મંદિર, લક્ષ્મણ કિલ્લો અને હનુમત નિવાસ સહિત લગભગ ૧૦,૦૦૦ મંદિરોમાં જન્મ સાથે મંગલ ગીતો ગુંજી ઊઠ્યાં. આ વખતે રામનવમી પર ૨૫



લાખ ભક્ત પહોંચ્યા છે.

રામનવમી દરબાર સવારે ૭ વાગ્યે દર્શન માટે ખૂલ્યો હતો. રામલલ્લાના જન્મ બાદ ૧૧ ક્વિન્ટલ પંજીરી, ફળો અને ડ્રાયફૂટ્સનો ભોગ લગાવવામાં આવ્યો હતો.

વિવિધ સ્થળોએ રંગોળી કરવામાં આવી હતી. જન્મભૂમિમાં ભગવાનના જન્મ બાદ આરતી કરવામાં આવી હતી. ત્યાર બાદ થોડા સમય માટે મંદિરના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા. બપોરે ૨ વાગે ફરી ખૂલશે.

આ પછી અભિવાદન થશે, એટલે કે મંગળ ગીતો ગાવામાં આવશે અને ભક્તો દર્શન કરશે. નેપાળના જનકપુર એટલે કે માતા સીતાના ઘરેથી ૫૦૦થી વધુ મિથિલાની સખીઓ પણ અયોધ્યા આવી છે. તે હનુમત નિવાસ મંદિરના આચાર્યા ડો. મિથિલેશનંદિના શરણના સાંનિધ્યમાં જનકપુરથી આવી છે.

આજે અમદાવાદ ઈસ્કોન મંદિરમાં પણ હજારો ભક્તોની હાજરીમાં રામનવમી તથા ૨૬મો પાટોત્સવ ઉત્સવ યોજાયો છે.

રામનવમી મહોત્સવ તથા ઈસ્કોન મંદિર અમદાવાદનો ૨૬મો પાટોત્સવ નિમિત્તે ઈસ્કોન મંદિરમાં વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ભગવાનના ગર્ભગૃહને વિવિધ પ્રકારના ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. આ મહોત્સવની શરુઆત સવારે ૪.૦૩ કલાકે મંગળા આરતી થઈ હતી. ત્યારબાદ ૭.૩૦ કલાકે ભગવાનની શૃંગાર દર્શન આરતી કરવામાં આવી હતી જેમાં ભગવાનને વૃંદાવનથી બનાવેલા નવા વસ્ત્રો તથા આભૂષણો પેહરવામાં આવ્યા હતા.

ત્યારબાદ પ્રભુપાદની ગુરુ પૂજા કરવામાં આવી હતી. ત્યારબાદ ૮.૦૦ કલાકે ભગવાન રામચંદ્રના જીવન ચરિત્ર પર કથા કરવામાં આવી હતી. ૧૧.૩૦ કલાકે સીતા, રામ, લક્ષ્મણ અને હનુમાનજીનો અભિષેક કરવામાં આવ્યો હતો.

ભગવાનને વિવિધ પ્રકારનાં ફળોના રસ, પંચગવ્ય વસ્તુઓ વગેરે સાથે અભિષેક થયો હતો. પછી પુષ્પો દ્વારા અભિષેક થયો હતો, તે પછી ભગવાનને ૪૦૦થી પણ વધારે વિવિધ વાનગીઓ ધરાવવામાં આવી હતી અને રામનવમીના દિવસે વિશેષ બધાજ દર્શનાર્થીઓ માટે ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. મંદિરમાં સતત ૧૨ કલાક હરે કૃષ્ણ મહામંત્રની ધૂન પર કીર્તન કરવામાં આવ્યું હતું અને સાંજે ૭.૩૦ કલાકે ૪ દિવસથી ચાલુ રામ કથાની પૂર્ણહૂતી પણ થઈ હતી. રામ નવમીના તહેવાર નિમિત્તે મંદિર સંપૂર્ણ દિવસ માટે દર્શનાર્થીઓ માટે ખુલ્લું રાખવામાં આવ્યું હતું. ૨૫૦૦થી વધારે દર્શનાર્થીઓએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

## તંત્રી સ્થાનેથી...

### ગર્લ્સ 'ચેમ્પિયન' પંચ

ભારતની દીકરીઓએ ફરી એકવાર દેશનું ગૌરવ વધાર્યું છે. ઈતિહાસ રચાયો છે. સ્ત્રીઓને લગતી પ્રાચીન, લિંગ માન્યતાઓ પણ ઓગળી ગઈ છે. બોક્સિંગ જેવી સ્ટ્રાઈકિંગ અને કઠોર રમતોએ નવું આકાશ, નવી સુસંગતતા આપી છે. મેરી કોમની મજબૂત અને વિજેતા પેઢી બનાવી છે. નીતુ ઘંઘાસ, નિખાત ઝરીન, સ્વીટી બૂરા અને લોવલિના બોર્ગોહાન આજે બોક્સિંગના 'વર્લ્ડ ચેમ્પિયન' છે. તેણીએ વિશ્વ મહિલા બોક્સિંગ ચેમ્પિયનશિપના અનુક્રમે ૪૮, ૫૦, ૭૦-૭૫ અને ૮૧ કિગ્રા વજન વર્ગમાં 'ગોલ્ડ મેડલ' જીત્યા છે. આ મેડલ અનોખા, અદ્ભુત, અભૂતપૂર્વ અને તાકાતનું પ્રતીક છે. એક સમયે એવી કલ્પના કરી શકાતી હતી કે આપણી દીકરીઓ વર્લ્ડ લેવલ બોક્સિંગની રમતમાં આટલી ઊંચાઈને સ્પર્શી શકશે, પરંતુ આજે વાસ્તવિકતા સામે છે. આ ચાર દીકરીઓ રાજધાની દિલ્હીના એ જ સ્ટેડિયમમાં 'વર્લ્ડ ચેમ્પિયન' બની હતી, જ્યાં લગભગ પાંચ વર્ષ પહેલાં છ વખતની વર્લ્ડ ચેમ્પિયન મેરી કોમે રમતને 'ભાવનાત્મક અલવિદા' કહ્યું હતું. કદાચ પછી એક પ્રશ્ન અને શંકા હશે કે મેરી કોમની 'શૂન્યતા' કોણ ભરશે? મહિલા બોક્સિંગ સુરક્ષિત રહેશે કે નહીં? પરંતુ એક નહીં પરંતુ ચાર દીકરીઓના 'ચેમ્પિયન પંચ'એ સાબિત કરી દીધું કે આ રમત હજુ પણ સુરક્ષિત પિંજરામાં બંધ છે. મેરી કોમની પેઢી પણ 'વર્લ્ડ ચેમ્પિયન' છે. જે યુગમાં મેરી કોમે મુક્કા મારવાની આ રમત શરુકરી હતી તે જમાનામાં તેને સામાજિક સતામણી અને મહિલા વિરોધી વિચારસરણીનો પણ સામનો કરવો પડ્યો હતો. સાનિયા મિર્ઝા, સાયના નેહવાલ, પીવી સિંધુ, મીરાબાઈ ચાનુ અને મહિલા કુસ્તીબાજોને પણ ઘણી ચિંતાઓ સાંભળી, ડ્રેસ પર પણ સવાલો ઉભા થયા, સંસ્કૃતિ અને પરંપરાઓના પતન વિશે સાંભળવું પડ્યું, પરંતુ આ તમામ ખેલાડીઓ 'વર્લ્ડ ચેમ્પિયન' સ્તરના છે.

જ્યારે આંતરરાષ્ટ્રીય મંચો પર 'રાષ્ટ્રગીત' વગાડવામાં આવે છે અને 'તિરંગા'નું સન્માન કરવામાં આવે છે, ત્યારે લિંગ સ્ટીરિયોટાઈપિંગની ઘણી દંતકથાઓ તૂટી જાય છે. આજે લિંગ ભેદભાવના આધારે રમતોનું વિશ્લેષણ કરી શકાતું નથી. હૈદરાબાદ પ્રદેશની મુસ્લિમ યુવતી નીખત ઝરીન ૫૦ કિગ્રા વજન વર્ગમાં સતત બીજી વખત 'વર્લ્ડ ચેમ્પિયન' બની છે. મેરી કોમ પછી માત્ર ઝરીન જ આ સિદ્ધિ મેળવી શકી છે. ઘરમાં બીજી ત્રણ બહેનો છે અને અબ્બુ માત્ર સેલ્સમેન છે. સામાજીક તેમજ આર્થિક પ્રતિબંધો મુકવામાં આવ્યા છે. આ વિસંગતતાઓ છતાં, ઝરીન ફરીથી 'વર્લ્ડ ચેમ્પિયન' બની છે. તેણીના શીર્ષકની રકમ સાથે, તેણી તેના માતાપિતાને 'ઉમરાહ' પર મોકલવા માંગે છે, તેથી ઝરીનની માનસિક અને ભાવનાત્મક પહોળાઈ વખાણવા યોગ્ય છે. ઝરીને કોમનવેલ્થ ગેમ્સમાં પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો. નીતુ ઘંઘાસની ઉંમર માત્ર ૨૨ વર્ષની છે. તેણીની વજન શ્રેણી ૪૮ કિલો છે, જેમાં મેરી કોમ 'વર્લ્ડ ચેમ્પિયન' બની હતી. તેણે ઓલિમ્પિક મેડલ પણ જીત્યો હતો. લવલીનાની પૃષ્ઠભૂમિ પણ ઓછી દયનીય નથી, પરંતુ તેણે ટોક્યો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતીને પોતાની પ્રતિભાનો પરચો આપ્યો હતો. તે પ્રથમ વખત ૭૦-૭૫ કિગ્રા વજન વર્ગમાં 'વર્લ્ડ ચેમ્પિયન' બની છે. સ્વીટી બૂરી મેરી કોમની જેમ પરિણીત છે, પરંતુ તેના મુક્કાઓ, શક્તિ અને ઉદ્દેશ્યની આડમાં ભટકી નથી. લોવલિના અને મેરી કોમ વચ્ચે એક વસ્તુ સમાન છે કે બંને ઉત્તરપૂર્વના છે અને ભારતને ગૌરવ અપાવી રહ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની 'ફ્યુચર ઓફ લર્નિંગ: ઈન્ટરનેશનલ ડિઝાઈન કોલેબોરેટિવ'ના સમાપન-સત્રમાં ઉપસ્થિતિ

# ભારતની સૌપ્રથમ ડિઝાઈન એક્સ યુનિવર્સિટી-અનંત નેશનલ યુનિવર્સિટી અને પેન્સિલવેનિયા યુનિવર્સિટીનું સંયુક્ત આયોજન



ગાંધીનગર

'ફ્યુચર ઓફ લર્નિંગ: ઈન્ટરનેશનલ ડિઝાઈન કોલેબોરેટિવ'ના સમાપન- સત્ર માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિશ્વના લોકપ્રિય નેતા અને આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં આપણો દેશ અને ગુજરાત વિશ્વના પ્રવાહો સાથે કદમથી કદમ મિલાવીને વિકાસ રાહે દોડતા થયા છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, ટેકનોલોજી એટલી ઝડપે બદલાઈ રહી છે કે આજની શોધ આવતીકાલે જૂની થઈ જાય છે. ફ્યુચર લર્નિંગ કેવું હોય, તેની સામેના પડકારો શું છે, તેના ઉપાયો શું હોય, તેનું સામુહિક વિચારમંથન અનંત નેશનલ યુનિવર્સિટીએ યોજ્યું તેને તેમણે 'રાઈટ જોબ એટ રાઈટ ટાઈમ' ગણાવ્યું હતું.

૨૮થી ૩૦ માર્ચ દરમિયાન અનંત યુનિવર્સિટી ખાતે આયોજિત 'ફ્યુચર ઓફ લર્નિંગ: ઈન્ટરનેશનલ ડિઝાઈન કોલેબોરેટિવ માં દેશ-વિદેશના ૩૦ જેટલા ડેલિગેટ્સ સામેલ થયા હતા. જેમાં શિક્ષણવિદો, વહીવટકર્તાઓ, રોકાણકારો અને ઉદ્યોગ સાહસિકોએ સાથે મળીને મંથન કર્યું હતું. સંશોધનને સમયની માંગ ગણાવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આજે રોજ નવાં સંશોધનો આવિષ્કારોની ભરમાર આવે છે. જો તેની સાથે ના ચાલીએ તો પાછળ રહી જઈએ અને વિશ્વના પ્રવાહો સામે વામણાં લાગીએ. તેમણે કહ્યું કે, આપણો દેશ વિશ્વનો સૌથી યુવાન દેશ છે અને યુવાશક્તિના આ 'ડેમોગ્રાફિક ડિવિડન્ડ'ને સ્કીલફુલ બનાવી ભારતને વિશ્વગુરુ બનાવવાની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ છે એમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાનશ્રીના વિઝન વિશે જણાવતા તેઓશ્રીએ જણાવ્યું કે, નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતને શિક્ષણનું મુખ્ય કેન્દ્ર બનાવવાની નેમ છે. આ નેમ ને આગળ વધારતા ગુજરાત સરકારે બજેટમાં શિક્ષણ વિભાગ માટે આ વર્ષે ૪૩,૬૫૧ કરોડ રુપિયાની જોગવાઈ કરી છે. જેનાથી રાજ્યમાં યુવાનોની તાલીમબદ્ધતા અને વર્લ્ડ ક્લાસ શિક્ષણના અવસરોને વેગ મળશે.

શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતમાં વર્લ્ડક્લાસ એજ્યુકેશન આપતી અને સેક્ટર-સ્પેસિફિક ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ-યુનિવર્સિટીઝ વિકસાવી છે. નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી, મેરિટાઈમ યુનિવર્સિટી તેના ઉદાહરણો છે. એમ તેમણે ઉમેર્યું હતું. અનંત યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયાના સંયુક્ત ઉપક્રમે થયેલા આયોજનની મુખ્યમંત્રીશ્રીએ પ્રશંસા કરી હતી.

તેમણે કહ્યું કે, ગુજરાતમાં આવી આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઝ સાથે જોડાણ કરવાની અને ઘરઆંગણે વર્લ્ડક્લાસ એજ્યુકેશનની પરિપાટી આપણે પાડી છે. તાજેતરમાં જ ઓસ્ટ્રેલિયાની ડીકેન યુનિવર્સિટી સાથે ગિફ્ટ સિટીમાં કેમ્પસ શરુકરવા માટેના એગ્રીમેન્ટ થયા છે એમ તેમણે કહ્યું હતું. સમાપન સત્રના આરંભે અનંત નેશનલ યુનિવર્સિટીનાં ડો.અનુનય ચૌબેએ આ ત્રિદિવસીય ચિંતન શિબિરનો હેતુ સ્પષ્ટ કરવાની સાથે તારણો રજૂ કર્યા હતા. ચર્ચાસત્રો બાદ નીકળેલા તારણો અને સૂચનોનું દસ્તાવેજીકરણ કરીને આગામી દિવસોમાં ઝને સત્તાવાર રિપોર્ટ સોંપવામાં આવશે. આ વેળાએ અમેરિકા, કેનેડા, સ્પેન, ઓસ્ટ્રેલિયા, કઝાકિસ્તાન, ઈરાક, કતાર, મોરેશિયસ વગેરે દેશોમાંથી પધારેલા મહેમાનો ઉપરાંત હડપ્પા એજ્યુકેશન, સ અમદાવાદ જેવી શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત સામાજિક સંસ્થાઓ અને દ્રઈના પ્રતિનિધિઓ તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

## કિંગ ઓફ સાળંગપુર પ્રોજેક્ટ પૂર્ણ; દાદાની ૫૪ ફૂટની મહાકાય મૂર્તિ તૈયાર, જાણો અદભૂત ભોજનાલયની વિશેષતા

બોટાદ:

સાળંગપુરને હવે કિંગ ઓફ સાળંગપુરના નામથી ઓળખાશે. ૫૪ ફૂટની બોર્ઝની વિરાટ હનુમાનજી દાદાની મૂર્તિનું ૫ એપ્રિલના દિવસે અનાવરણ થશે. અનાવરણની સાથોસાથ ગુજરાતનું પ્રથમ નંબરનું એક સાથે ૧૦ હજારથી લોકો ભોજન લઈ શકે તેવું આધુનિક ભોજનાલયનું હનુમાન જયંતિના દિવસે દેશના ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ઉદ્ઘાટન થશે. બોટાદ જિલ્લાનું વિશ્વ પ્રસિદ્ધ સાળંગપુર ધામ એવું કહેવાય છે કે શ્રદ્ધાનું બીજું નામ એટલે સાળંગપુર ધામ. હવે આગામી દિવસોમાં કિંગ ઓફ સાળંગપુર નામથી પણ ઓળખાશે કારણ કે અહીંયા લાખો લોકોના આસ્થાના આ મંદિર પર છે. લોકો દર્શન કરવા દેશ અને વિદેશથી અહીં આવતા હોય ત્યારે આગામી દિવસોમાં માત્ર ધામ નહિ પણ એક પર્યટક સ્થળ બને અને યુવા વર્ગ પણ અહીં દાદાના દરબારમાં આવે તે વાત અને સંતોના વિચાર સાથે હાલ અહિયા વિરાટ ૫૪ ફૂટની બોર્ઝની હનુમાનજી દાદાની મૂર્તિની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે જે મૂર્તિ હનુમાજ જયંતીની પૂર્વ સંધ્યાએ દાદાના દરબારમાં લોકો માટે ખુલ્લી મુકવામાં આવશે. આ સાથે લાઈટ એન્ડ સાઉન્ડ સિસ્ટમ સાથે હનુમાન ચાલીસા તેમજ સાળંગપુર મંદિરનો ઈતિહાસ જાણી શકાય તે મુજબનું આયોજન મંદિર પ્રસાસન દ્વારા કરવામાં આવશે. હનુમાનજી દાદાની ૫૪ ફૂટની આ મૂર્તિ કુલ ૧૩૫૦૦૦ સ્કવેર ફૂટ એરિયામાં મુકવામાં આવી છે અને આ મૂર્તિ નો ૩૦ હજાર કિલો વજન છે. આ મૂર્તિ વેધર પ્રુફ અને ભૂકંપ પ્રુફ છે. આ સાથે આશરે ૭ કિલોમીટર દૂરથી આ મૂર્તિના લોકો દર્શન કરી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. મૂર્તિની આસપાસ આશરે ૧૨૦૦૦ લોકો એક સાથે બેસી શકે તેવા વિશાળ બગીચાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. માત્ર ધર્મ પ્રેમી નહિ પણ પર્યટક સ્થળ પર ફરવાના શોખીનો પણ અહીં આવે અને પર્યટન સ્થળ સાથે હનુમાનજી દાદાના દર્શન કરે તેવા આશ્રય સાથે સાળંગપુર હનુમાનજી મંદિરના કોઠારી વિવેકસાગર સ્વામી અને શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીના માર્ગદર્શન હેઠળ તમામ કામગીરીને આખરી ઓપ અપાયો છે.

ભોજનાલયની વિશેષતા

૫૫ કરોડના ખર્ચે આ ભોજનાલય બનાવવામાં આવ્યું છે

૩ લાખ સ્કેવર ફૂટમાં પથરાયેલુ છે આ ભોજનાલય

એક સાથે ૧૦ હજાર લોકો ડાઈનીંગ હોલ પર બેસીને જમી શકે છે

ગુજરાતમાં સૌથી વધારે ટેકનોલોજી થી સજ્જ છે આ ભોજનાલય

થર્મલ બેજ થી અહીંયા રસોઈ તૈયાર થશે અને એક સાથે ૧૫ હજાર લોકોની રસોઈ માત્ર કલાક માં જ બની જશે તેવી મશીનરી થી સજ્જ છે

હનુમાન જયંતીના દિવસે આ ભોજનાલય નું દેશના ગૃહ મંત્રી અમિતભાઈ શાહના હસ્તે ઉદ્ઘાટન થશે

૪ કરોડના ખર્ચે માત્ર મૂર્તિ બની

દાદાની આ મૂર્તિ સાળંગપુર આવતાં ૭ કિલોમીટર દૂરથી દેખાવા લાગશે

કિંગ ઓફ સાળંગપુર પ્રોજેક્ટ ૧,૩૫,૦૦૦ સ્ક્વેર ફૂટમાં બનાવવામાં આવશે

૧૩ ફૂટના બેઝ પર દાદાની મૂર્તિ દક્ષિણ મુખે રાખવામાં આવશે

બેઝ પર દાદાનું જીવન ચરિત્ર કંડારતી વોલ મ્યુરલ બનાવવામાં આવશે

બેઝ પર સાળંગપુરધામનો ઈતિહાસ કંડારથી વોલ મ્યુરલથી સુશોભિત થશે

પરિક્રમા અને દાદાની મૂર્તિના મધ્યમાં ૧૧,૯૦૦ સ્ક્વેર ફૂટમાં સ્ટેપ વેલ અને એમ્ફી થિએટર બનાવવામાં આવશે

એમ્ફી થિએટરમાં ૧૫૦૦ દર્શનાર્થીઓ બેસીને લાઈટ એન્ડ સાઉન્ડનો ફાઉન્ટેન શોનો રોમાંચ માણી શકશે

દાદાની સામેના ૬૨૦૦૦ સ્ક્વેરફૂટ વિસ્તારમાં ભવ્ય ગાર્ડન બનાવવામાં આવશે

આ ગાર્ડનમાં ૧૨૦૦૦ લોકો એક સાથે બેસીને દાદાના દર્શન, સભા પ્રવૃતિ, ઉત્સવ તથા સામાજિક પ્રવૃતિઓમાં ભાગ લઈ શકશે

કિંગ ઓફ સાળંગપુર પ્રોજેક્ટ આર્ટ અને આર્કિટેક્ટનો સુભગ સમન્વય

પ્રોજેક્ટમાં હિન્દુ ધર્મની કળા, સંસ્કૃતિ અને ગૌરવની અનુભૂતિ થશે

ત્રણ-ચાર સ્ટેપમાં મૂર્તિ લગાડવામાં આવશે

આ મૂર્તિ લાગ્યા બાદ આખા સાળંગપુરની કાયાપલટ થઈ જશે

દાદાની મૂર્તિ સાળંગપુરની શાનમાં વધારો કરશે એટલે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવશે

## જૂનાગઢનો ક્રૂર કિસ્સો: ૧૩ વર્ષની દીકરીને પ્રેતાત્મા કહી પિતાએ જ આગમાં હોમી, માતાએ આપ્યું જીવનદાન

કેશોદ

કેશોદના પીપળી ગામની સીમમાં કાદાવાળી ખોડીયાર માતાજીના મંદિરે ગજેરા પરિવારે પોતાના જ પરિવારની સગીર દીકરીમાં મેલી વિદ્યા અને પ્રેત આત્મા છે તેવું કહીને, કુમળા ફૂલ જેવી દીકરીના હાથ અને પગને આગમાં હોમીને બલી ચડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

શું હતો સમગ્ર મામલો

આ અંધશ્રદ્ધાના કિસ્સાએ સમગ્ર રાજ્યમાં હાહાકાર મચાવી દીધો છે. કેશોદ તાલુકાના પીપળી ગામની સીમમાં કાદાવાળી ખોડિયાર માતાજીના મંદિરે ગજેરા પરિવાર દ્વારા હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હવનમાં ગજેરા પરિવારે ડાકલા અને હવનનું આયોજન કર્યું હતું. જેમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. ગજેરા પરિવારની પુત્રવધુ રેખાબેન (નામ બદલાવેલ છે) પોતાના પતિથી સાત વર્ષથી અલગ રહે છે. જેને સંતાનમાં ત્રણ દીકરીઓ છે. પરિવારે આ હવનમાં આવવા રેખાબેનને કહ્યું હતું. આ આમંત્રણને કારણે રેખાબેન પોતાની ત્રણ દીકરીઓ સાથે કાદાવાળી ખોડીયાર માતાજીના મંદિરે પહોંચ્યા હતા. માતાજીના મંદિરે પહોંચ્યા બાદ રેખાબેન ગજેરાની સગીર દીકરીને બે દિવસમાં ભૂખી રાખવામાં આવી હતી. હવનમાં ભુવાઓ અને પરિવાર દ્વારા આ દીકરીમાં પ્રેત આત્મા હોવાનું કહેવામાં આવ્યું હતું. ગંભીર વાત તો ત્યારે બની કે, જ્યારે આ દીકરીના પિતા પણ આ હિચકારી ઘટનામાં સામેલ હતા. ગજેરા પરિવાર અને ભુવાઓ દ્વારા સાચા ખોટાના પારખા કરવા બે દિવસો સુધી ભુખી રાખી સતત ધુણાવી રહ્યા હતા. આ સાથે જ, આ સગીર દીકરીના હાથમાં કોલસા આપ્યા અને ખુલ્લા પગે આગમાં ચલાવવામાં આવી હતી. પોતાની સગીર દીકરીને બચાવવા જતા માતા અને તેમની દીકરીઓ પર પરિવારના લોકો દ્વારા જ જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ બાદ, પોતાનો જીવ બચાવવા માતા પોતાની દીકરીઓ સાથે ત્યાંથી ભાગી છૂટી હતી. ત્યારબાદ માતા રેખાબેન ગજેરા દીકરીને સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં લાવી હતી. આ ઘટનામાં ભોગ બનનાર ગજેરા પરિવારની ૧૩ વર્ષની દીકરીને જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. તે આ હિચકારી ઘટનાથી ગંભીર રીતે હેબતાઈ ગઈ છે. તે રડતા અવાજે બોલી કે, તેના કુટુંબના સભ્યો દ્વારા તેનામાં મેલી વિધા હોવાનું જણાવી બે દિવસ સુધી ભૂખી રાખીને આજે સાંજે કેશોદના પાડોદર ગામે તેમના પારિવારિક હવન પ્રસંગમાં ધુણાવી અને બાદમાં તેની બલી ચડાવવા માટે સળગતી જ્વાળામાં હાથ નંખાવી, સળગતા કોલસા પર ચલાવવમાં આવી હતી. જેને લઈને સ્થળ પર હાજર તેમની માતા રેખાબેન ગજેરા તેની દીકરીનો જીવ બચાવી ત્યાંથી ભાગીને જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં દીકરીને દાખલ કરી હતી, આ અંગે રેખાબેને જણાવ્યું કે, તે તેમના પતિથી ૭ વર્ષથી અલગ રહે છે, તેને સંતાનમાં ૩ દીકરી છે. ત્યારે આજે તેમના પતિના પરિવારમાં ધાર્મિક હવન હતો એટલે તેઓ ગયા હતા, પરંતુ તેમની નણંદ, દિયર સહિતના પરિવારના લોકો દ્વારા બે દિવસથી ડાકલા વગાડી આવી અંધશ્રધ્ધામાં આવીને બલી ચઢાવવા જઈ રહ્યા હતા, અને તેઓ જીવ બચાવીને ભાગી આવ્યા છીએ. હાલ સમગ્ર ઘટનાને લઈને પોલીસમાં દોડધામ મચી જવા પામી છે અને સત્યને બહાર લાવવા આગળની તપાસ શરુકરી છે.

## ગેંગસ્ટર અતીકને લઈને UP પોલીસ સાબરમતી જેલ પહોંચી, ૭૨ કલાક બાદ તંત્રએ લીધો હાશકારો

અમદાવાદ

ઉમેશ પાલ અપહરણ કેસમાં આજીવન કેદની સજા મેળવનાર માફિયા અતીક અહેમદને પોલીસ કાફલો અમદાવાદની સાબરમતી જેલમાં પરત લાવી રહ્યો છે. અતીક અહેમદને પ્રયાગરાજની નૈની સેન્ટ્રલ જેલમાંથી લઈને ત્રણ વાહનોનો કાફલો ગુજરાતની સાબરમતી જેલ આવી ચૂક્યો છે. આ સાથે જ યુપી પોલીસ અતીકને લઈને અમદાવાદ ખાતે પહોંચતા તંત્રએ હાશકારો લીધો છે અને ગેંગસ્ટર હવે અમદાવાદની સાબરમતી જેલમાં રહેશે. ગેંગસ્ટરમાંથી માફિયા અને પછી રાજનેતા બનેલા અતીક અહેમદને મંગળવારે (૨૮ માર્ચ) ઉમેશ પાલ અપહરણ કેસમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

અપહરણના ગુનામાં દોષિત જાહેર થયા બાદ અતીકને સાબરમતી જેલમાં પરત લાવવામાં આવ્યો છે. હવે અતીકને સાબરમતી જેલમાં જ રાખવામાં આવશે. જ્યારે આ જ કેસમાં નિર્દોષ છૂટેલા તેના ભાઈ પૂર્વ ધારાસભ્ય અશરફને બરેલી જેલમાં પરત મોકલી દેવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૬ માર્ચના રોજ અતીક અહેમદને ઉત્તર પ્રદેશ લઈ જવામાં આવ્યો હતો. અમદાવાદની સાબરમતી જેલથી અતિક અહેમદને UP લઈ જવા માટે ૪૫ પોલીસ જવાનોની ટીમ આવી હતી અને તેને લઈ ગઈ હતી. ૧૭ વર્ષ જૂના ઉમેશ પાલ અપહરણ કેસમાં ગઈકાલે (મંગળવાર) પ્રયાગરાજની કોર્ટે મોટો ચુકાદો આપ્યો હતો.

કોર્ટે અતીક અહેમદ સહિત ૩ આરોપીઓને દોષિત ઠેરવીને આજીવન કેદની સજા ફટકારી હતી. આ અપહરણ કેસમાં કોર્ટે અતીક ઉપરાંત હનીફ, દિનેશ પાસીને પણ દોષિત ઠેરવ્યા હતા. જ્યારે અતીકના ભાઈ અશરફ સહિત ૭ને નિર્દોષ જાહેર કર્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના એક ભારત શ્રેષ્ઠ ભારત ના સંકલ્પ ને સાકાર કરતો સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ વૈશ્વિક ઓળખ બની રહેશે:સંસદીય મંત્રી ઋષિકેશભાઈ પટેલ

## સૌરાષ્ટ્ર તમિલ સંગમ ના અત્યંત ઐતિહાસિક અને રાષ્ટ્રીય એકાત્મતા સંકલ્પના ને સાકાર કરતો સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ તા.૧૭ એપ્રિલથી યોજાશે

ગાંધીનગર

સંસદીય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું છે કે, વિશ્વની એક વિરલ ઘટના એટલે કે કોઈ એક ચોક્કસ સમુદાયની વિશ્વની સૌથી મોટી ગણવામાં આવતી હિજરત અથવા તો કોઈ એક સમુદાયના સામૂહિક સ્થળાંતરના સંદર્ભે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના એક ભારત શ્રેષ્ઠ ભારત ના સંકલ્પ ને સાકાર કરતો સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ વૈશ્વિક ઓળખ બની રહેશે

ગુજરાત વિધાનસભા ખાતે નિયમ ૪૪ હેઠળ સંસદીય મંત્રી શ્રી પટેલે સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ સંદર્ભે રાજય સરકાર દ્વારા કરાયેલ આયોજન અગે નિવેદન કરતાં કહ્યું હતું કે, આપણા ભારત વર્ષના તામિલનાડુ રાજ્યમાં ૨૫ લાખ કરતા વધારે સૌરાષ્ટ્રવાસી સમુદાય પોતાની જૂની સૌરાષ્ટ્રવાસી તરીકેની ઓળખ તેમ જ પોતાના સૌરાષ્ટ્ર વિસ્તારની પરંપરા તથા વારસાને અકબંધ રાખી સ્થાયી થયા છે.ભારત વર્ષના ૧૨ જ્યોતિર્લિંગ પૈકી પ્રથમ જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથજી ઉપર વિદેશી આક્રમણખોર મોહમ્મદ ગજનીએ ૧૦૨૪ની સાલમાં આક્રમણ કર્યુ તે સમયે દરિયાઈ માર્ગે સોમનાથ પ્રભાસ પાટણ વેરાવળ તેમજ આજુબાજુના વિસ્તાર માંથી સામૂહિક સ્વરુપે વિશાળ સંખ્યામાં ત્યાં વસતા સૌરાષ્ટ્રવાસી સમુદાયે દરિયાઈ માર્ગે હિજરત કરી. એમ કહેવામાં આવે છે કે વિશ્વના ઈતિહાસની અંદર આ એક મોટામાં મોટી હિજરત હતી અને સૌરાષ્ટ્રવાસી સમુદાય તે સમયે ઉત્કૃષ્ટ વણાટ કામ માટે વિશ્વભરમાં ખ્યાતિ પ્રાપ્ત હતો.સાથો સાથ વૈદિક સંસ્કૃતિને સંપૂર્ણ પ્રતિબદ્ધ એવા આ સમાજે પોતાની સંસ્કૃતિને બચાવવા માટે દરિયાઈ માર્ગે હિજરત કરી અને ખંભાત બંદર અને ત્યાંથી ભરુચ અને ભરુચ પછી સુરત તેમજ ત્યાર પછી મહારાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાંથી વિજયનગર સામ્રાજ્ય નાં આમંત્રણ થી આશરો લીધો હતો. તેમણે ઉમેર્યું કે,થોડી સદીઓ સુધી વિજયનગર સામ્રાજ્યમાં આશરો લીધા પછી વિજયનગર સામ્રાજ્યનું પતન થતા આ સમુદાય પાસે જેમ આપણે જાણીએ છીએ તેમ સાડી વણાટ કામ તેમજ અન્ય હસ્તકલાઓમાં ખૂબ જ કૌશલ્ય પ્રાપ્ત હતું. આ સમુદાયને મદુરાઈના તત્કાલીન રાજવંશ મહારાજાએ તેઓની આ કલા ને પીછાણી ને તેઓને ખાસ આશરો આપીને રાજ્યાશ્રય આપ્યો હતો.૧૫૦૦ની સાલથી આ સમુદાય મદુરાઈ તેમજ આજુબાજુના વિસ્તારની અંદર સ્થાયી થયો છે.

મંત્રી શ્રી એ કહ્યું કે,આ સમુદાયને ફરીથી વર્તમાન ગુજરાત રાજ્ય સાથે જોડવાનો પ્રયત્ન વર્ષોથી થતો હતો પરંતુ વર્ષ ૨૦૦૫ અને વર્ષ ૨૦૦૬ની સાલમાં ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ શ્રી તેમજ ઉપકુલપતિ શ્રી તેમ જ અન્ય અગ્રણીઓ સાથે બેઠક યોજી આ સમુદાય સાથે સંપર્ક પ્રસ્થાપિત કરવા અર્થે પ્રેરિત કર્યા હતા અને વિધિવત રીતે આ સૌરાષ્ટ્રવાસી સમુદાય ગુજરાત સાથે ૧૦૦૦ વર્ષના ગાળા પછી ફરીથી જોડાયો અને ગુજરાત રાજય અને તામિલનાડુ ના આ સૌરાષ્ટ્રવાસી સમુદાય વચ્ચે અનેકવિધ અનેક ક્ષેત્રે આદાન-પ્રદાનના ખૂબ જ સરસ મજાના કાર્યક્રમો ચાલી રહ્યા છે.

તેમણે કહ્યું કે,૨૦૧૦ની સાલની અંદર તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની ઉપસ્થિતિમાં મદુરાઈ ખાતે વિરાટ સૌરાષ્ટ્ર સંગમ નું આયોજન થયું અને તેમાં ૫૦,૦૦૦કરતાં વધારે સૌરાષ્ટ્ર વાસીઓ ઉમટી પડ્યા હતા. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ત્યારબાદ પણ વખતોવખત આ સમુદાયને મુલાકાતો આપી અને ગુજરાત સાથે આદાન-પ્રદાનની પ્રવૃત્તિ અર્થે સતત પ્રેરણા આપી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની એક ભારત શ્રેષ્ઠ ભારત"ની સંકલ્પનાને મૂર્તિમંત કરવાના ઉમદા હેતુ સાથે દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ સૌરાષ્ટ્ર તમિલ સંગમ ના અત્યંત ઐતિહાસિક અને રાષ્ટ્રીય એકાત્મતા સંકલ્પના ને સાકાર કરતા એક શ્રેષ્ઠતમ કાર્યક્રમ ની સંકલ્પના કરી અને આજે એ વાતનો ઉલ્લેખ કરતા ગૌરવ અને રોમાંચની લાગણી થાય છે કે લગભગ ૧૨૦૦વર્ષના સમયગાળા પછી આગામી એપ્રિલ માસની અંદર વિશાળ સ્વરુપે તામિલનાડુમાં વસવાટ કરતા સૌરાષ્ટ્રવાસી સમુદાય પોતાના મૂળ વતન,પોતાની મૂળ જન્મભૂમિ, માતૃભૂમિ એવા સોમનાથ ખાતે એકત્ર થશે આ એક ખૂબ જ ઐતિહાસિક મહત્વપૂર્ણ ઘટના બની રહેશે ત્યારે વિધાન સભામાં આ કાર્યક્રમની જાહેરાત કરતા તેમણે ખૂબ જ આનંદ અને હર્ષની લાગણી અનુભવી હતી.

તેમણે કહ્યું કે,તા.૨૫મી માર્ચ અને ૨૬મી માર્ચ દરમિયાન આ સમુદાયને પ્રેમપૂર્વક આપણી ગુજરાતની આગવી પરંપરા મુજબ જ્યારે અમે સૌરાષ્ટ્ર તામિલ સંગમ માટે નિમંત્રિત કરવા ગયા ત્યારે તેઓ દ્વારા મળેલ પ્રેમ,લાગણી,હર્ષો ઉલ્લાસ જોવા મળ્યો છે તે અવિસ્મરણીય છે. આવા લાગણી અને પ્રેમ સભર સમુદાય આપણી વચ્ચે ગુજરાતની ધરતી ઉપર આવી રીતે સામૂહિક સ્વરુપે લગભગ ૧૨૦૦વર્ષના સમય ગાળા પછી આવે છે એ કોઈ નાની-સોની ઘટના નહીં પણ શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની સંપૂર્ણ પરી કલ્પના મુજબની એક ઐતિહાસિક ઘટના છે. તેમનું સ્વપ્ન હતું કે આ પ્રકારનો એક કાર્યક્રમ સોમનાથ ખાતે આયોજિત થાય અને આજે આ સ્વપ્નને મૂર્તિમંત થતું આપણે જોઈ રહ્યા છીએ. એ સૌ ગુજરાતીઓ માટે ગૌરવરુપ ઘટના બની રહેશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

મંત્રી શ્રી એ ઉમેર્યું કે,૧૨૦૦વર્ષના ગાળા પછી આકાર લઈ રહેલી મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર ભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ તા.૧૭મી એપ્રિબથી આયોજિત થઈ રહેલી આ એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ ઘટનામાં વિધાનસભાના સૌ સાથી સભ્યો અને સૌ ગુજરાતીઓ ને સહભાગી થવા તેમણે અનુરોધ કર્યો હતો.

રાજયના ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત, પાણીપુરવઠા મંત્રીશ્રી કુવરજીભાઈ બાવળીયા, શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડૌર,સહકાર રાજયમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા એ તમિલ મહાસંગમ સંદર્ભે તમિલનાડુ સ્થિત ગુજરાતી ઓને આમંત્રિત કરવા માટે યોજાયેલ તામિલનાડુ ના રોડ શો માં મળેલા આવકારને બિરદાવતા કહ્યું કે,વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એ ગુજરાતના તમિલ સાથેના ઐતહાસિક જોડાણને જીવંત રાખવા જે પ્રયાસ કર્યો છે એ માટે તમિલ સ્થિત સૌ ગુજરાતીઓ એ વડાપ્રધાન શ્રીનો આભાર વ્યકત કર્યો હતો.અને તમામ મંત્રીશ્રીઓ એ વિવિધ સમાજો દ્વારા યોજાયેલ અભિવાદન સમારોહમાં મળેલા અદભૂત આવકારને બિરદાવીને સંસ્મણો વાગોળ્યા હતા.

## વિદેશની વોટર સ્પોર્ટસ હવે અમદાવાદમાં, સાબરમતી રિવરફ્રન્ટ પર ઉમેરાશે નવું આકર્ષણ

અમદાવાદ



અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ ગુજરાત અને દેશ માટે એક લેન્ડ માર્ક બની ગયું છે. સાબરમતી રિવરફ્રન્ટ પર એક પછી એક નવી એક્ટિવમાં ઉમેરો થઈ રહ્યો છે. સાબરમતી રિવરફ્રન્ટ કંપની અમદાવાદીઓ માટે વોટર સ્પોર્ટની એક ભેટ આપવા જઈ રહ્યું છે. રિવરફ્રન્ટ ખાતે કાયાકિંગ બોટનો ઉમેરો થઈ રહ્યો છે. આથી સાબરમતી રિવરફ્રન્ટના આકર્ષણમાં વધારો થશે. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે વોટર સ્પોર્ટની શરુઆત થઈ રહી છે. કિયાકિંગની મજા હવે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે માણી શકાશે. સાબરમતી રિવરફ્રન્ટના સરદાર બ્રિજથી આંબેડકર બ્રિજ તરફ કાયાકિંગની રમત શરુકરાશે. કાયકિંગ કરનારા શોખીનોને આરંભમાં ૮૦૦ મીટરથી ૧ કિમી સુધીનું એક ચક્કર મારવા દેવામાં આવશે. કાયકિંગ જેવી વોટર સ્પોર્ટસ હાલ ગોવા, કેરળ સહિતના દરિયા કિનારાના રાજ્યો અને ઉતરાખંડના ઋષિકેશમા માણવા મળે છે. અમદાવાદના આ પ્રકારની વોટર સ્પોર્ટસ સૌ પ્રથમવાર આવી રહ્યો છે. રિવરફ્રન્ટમાં વિવિધ વોટર સ્પોર્ટસ શરૂ કરવા પાછળ મુખ્ય આશ્રય નદીને એકદમ સક્રિય અને ધબકતી રાખવાનો છે. ગત વર્ષે ગુજરાતમાં જ્યારે નેશનલ ગેમ્સનું આયોજન કરાયું હતું. ત્યારે કાયાકિંગની રમત સૌથી વધુ સફળ રહી હતી. આ રમત શરૂકરવા ખાનગી કંપનીઓ પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવી હતી અને રસ ધરાવતી પાર્ટીઓએ અરજીઓ પણ કરી હતી. જે એજન્સી બોલી સૌથી ઉંચી હતી. તેને ભૂતકાળના સફળ અનુભવ અને ટેકનીકલ લાયકાતના આધારે પસંદ કરવામાં આવી હતી. આ વોટર સ્પોર્ટસ ઈકો ફ્રેન્ડલી છે. કાયાકિંગના શોખીનો કાયાકિંગની મજા માણવા નદીમાં ઉતરે તે પહેલા જેકેટ, રેસક્યુ બોટ અને લાઈવ ગાર્ડ જેવા તમામ સાવચેતીના પગલા લેવામા આવશે. જોરે ૧૨ વર્ષથી વધુ વયના લોકો જ કાયાકિંગની મજા માણી શકશે. શરુઆતમાં સાત ડબલ સીટ વાળી, ત્રણ સિંગલ સીટ વાળી અને એક રેસક્યુ બોટ રહેશે કાયાકિંગ કરવા ઈચ્છતા શોખીન લોકોને સૌ પ્રથમ વોટર સ્પોર્ટસ ઓપરેટર દ્વારા તાલીમ આપવામા આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના સાથ-સહકાર અને સેવાના ૧૦૦ દિવસની ગરિમામય ઉજવણી

# આગામી પાંચ વર્ષના ઉન્નત-વિકસીત ગુજરાતના નિર્માણનો રોડમેપ વિકાસના પાંચ સ્તંભને આધારે તૈયાર કર્યો છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ




ગાંધીનગર

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના પ્રથમ ૧૦૦ દિવસ પૂર્ણ થવા અવસરે સાથ-સહકાર અને સેવાના ૧૦૦ દિવસ ઉજવણી પ્રસંગે સ્પષ્ટપણે જણાવ્યું કે, નાનામાં નાના માનવીને પણ ''આ ગુજરાત મેં બનાવ્યું છે''ની અનૂભુતિ સાથે વિકાસની મુખ્ય ધારામાં લાવ્યા છીએ. વિકાસનો સંવાહક-સાથીદાર અને સહભાગી બનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપ અને દિશાદર્શનમાં ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જીન બન્યું છે તેમાં સૌના સાથ, સહકાર અને પ્રજાની સેવા ભાવના નિહિત છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યુ કે 'ટિમ ગુજરાત'ના પ્રજાવર્ગોને જે વચનો આપેલાં તે મક્કમતાથી પાળી બતાવ્યા છે-જન જન સુધી વિકાસ પહોંચાડયો છે.

''વચન પાળ્યા છે, પાળીશુ ગુજરાતનું માન-સન્માન વધારીશુ'' એમ સ્પષ્ટપણે જણાવતાં શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે વડાપ્રધાનશ્રીએ કંડારેલા વિકાસ પથ પર અડગ નિર્ણય કર્યાથી આપણે આગળ વધ્યા છીએ. પ્રજાએ બે દાયકાના વિકાસમાં વિશ્વાસ-ભરોસો મુકીને અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વના સમર્થનથી આ વર્ષ ચૂંટણીઓમાં પ્રચંડ જનસમર્થન આપ્યું છે તેનો આ તકે તેમણે રૂણ સ્વીકાર કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, સમાજના છેવાડાના માનવી અંતિમ છૌરના વ્યક્તિની ચિંતા કરીને આપણે બહુ આયામી વિકાસ આયોજન પાર પાડયા છે. એટલું જ નહિ, પ્રજાહિતમાં કડક નિર્ણયો પણ લીધા છે. ભરતી પરિક્ષામાં ગેરરીતિ આચરનારા અને પેપર લીક કરનારા તત્વો સામે કડક કાનૂની કાર્યવાહિનું વિધેયક, યાત્રાધામોમાં ગેરકાયદેસરના દબાણો દૂર કર્યા છે તથા દરિયાઈ સુરક્ષા સુદ્રઢ કરી છે અને માદક દ્રવ્યો સામે ઝિરો ટોલરન્સથી પેશ આવી ડ્રગ્સ વિરોધી ઝુંબેશ પણ સફળતાથી આદરી છે. આ સરકાર જનસેવાની સંવેદનશીલતાથી સૌના હિતને અહેમિયત આપે છે તેની વિસ્તૃત ભૂમિકા આપતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વ્યાજખોરીના દૂષણથી નાના-ગરીબ લોકોને મુક્તિ અપાવવા રાજ્યમાં ૪ હજાર લોકદરબાર યોજ્યા છે અને પી.એમ. સ્વનિધિ અન્વયે ૨૫૦ કરોડથી વધુની રકમ લોન તરીકે આપી આવા જરૂરતમંદ લોકોને આત્મનિર્ભર બનાવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, આરોગ્ય, શિક્ષણ અને સલામતિ જેવા પાયાના ક્ષેત્રોમાં લોકહિત કામો સાથે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ૩૦ હજાર આવાસો, શ્રમિકોના વેતનમાં ૨૫ ટકાનો વધારો, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદાનો વધુ પાંચ લાખ લોકોને લાભ જેવા ગરીબ કલ્યાણલક્ષી નિર્ણયોથી આ સરકારે જે કહેવું તે કરવું ની નેમ સાકાર કરી છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને ડબલ એન્જીન સરકારના બેવડા વિકાસની નવી ગતિ મળી છે તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ૧૦૦ દિવસમાં ૯૦ હજાર કરોડ રૂપિયાના ઔદ્યોગિક રોકાણો માટેના એમ.ઓ.યુ થયા છે તેમજ ગ્રીન ગ્રોથને વેગ આપતાં કચ્છમાં ૪૦ હજાર કરોડનો ગ્રીન એમોનિયા પ્લાન્ટ સ્થાપવા માટે પણ એમ.ઓ.યુ થયેલા છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે આગામી પાંચ વર્ષમાં વિકસીત-ઉન્નત-આત્મનિર્ભર ગુજરાતનું વિકાસ વિઝન પ્રસ્તુત કરતાં કહ્યું કે, ભારતને પાંચ ટ્રીલિયન યુ.એસ. ડોલરની ઈકોનોમી બનાવવાના વડાપ્રધાનશ્રીના સંકલ્પમાં ગુજરાત અગ્રીમ યોગદાન આપવા સંકલ્પબદ્ધ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગુજરાતે આવનારા પાંચ વર્ષમાં સર્વાંગી વિકાસનો રોડમેપ પાંચ સ્તંભના આધારે અત્યારથી જ તય કરી લીધો છે. આ પાંચ સ્તંભમાં ગરીબ અને જરૂરતમંદ વર્ગોની પાયાની સુવિધા-સોશિયલ સિક્યુરિટી માટે બે લાખ કરોડની જોગવાઈ બજેટમાં કરી છે. આ ઉપરાંત હ્યુમન રિસોર્સીસ ડેવલપમેન્ટ માટે ૪ લાખ કરોડ, વર્લ્ડકલાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા માટે પાંચ લાખ કરોડ, એગ્રીકલ્ચર, ઈન્ડસ્ટ્રી અને સર્વિસ સેક્ટરની આર્થિક પ્રવૃત્તિઓના વિકાસ માટે બે લાખ કરોડ અને ગ્રીન ગ્રોથ માટે બે લાખ કરોડ રૂપિયા સુનિશ્ચિત કર્યા છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત નીતિ આયોગના અહેવાલ અનુસાર ફાયનાન્સિયલ મેનેજમેન્ટમાં પ્રથમ ક્રમે છે અને આપણે દેશના જી.ડી.પી માં ૮.૩૬ ટકાના હાલના યોગદાનને ૧૦ ટકાએ લઈ જવા પણ પ્રતિબદ્ધ છીએ. તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના અમૃતકાળમાં ગુજરાતના સર્વપોષી, સર્વસમાવેશી અને સર્વસ્પર્શી વિકાસને સૌના સહયોગથી અમૃતમય બનાવવાની નેમ પણ વ્યકત કરી હતી. મુખ્યમંત્રીએ ટિમ ગુજરાત તરીકે સરકારના પ્રતિનિધિઓ, અધિકારીઓ-કર્મયોગીઓ સાથે કર્તવ્યરત રહીને વિકાસ યાત્રા અવિરત રાખી અને ગુજરાતને વિકાસ દેશ અને દુનિયા માટે પથદર્શક બને તેવું પ્રેરક આહવાન પણ કર્યું હતું. આ અવસરે સાથ, સહકાર અને સેવાના ૧૦૦ દિવસ પુસ્તિકાનું વિમોચન પણ તેમણે કર્યુ હતું. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ અને સાંસદશ્રી સી.આર.પાટિલ, રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો અને આમંત્રિતો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય સચિવ શ્રી રાજકુમારે આ પ્રસંગે સૌનું સ્વાગત કરતા જણાવ્યું કે વિવિધ પ્રજાલક્ષી યોજનાઓનો લાભ ચોક્કસ સમય મર્યાદામાં છેવાડાના માનવી સુધી પહોંચે તેવા ઉદ્દેશ સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં સાથ, સહકાર અને સેવાના ૧૦૦ દિવસ અન્વયે લક્ષ્યાંકો સિદ્ધ કરીને વિકાસ પર્વ ઉજવાઈ રહ્યું છે. રાજ્યના તમામ વિભાગોની પ્રજાલક્ષી વિકાસ યોજનાઓ માટે નીડ બેઝ્ડ પ્લાનીંગથી વિકાસની ખૂટતી કડીઓ અંગે અસરકારક આયોજન કરીને રાજ્ય સરકાર સર્વસમાવેશક વિકાસનો ધ્યેય સિદ્ધ કરવા આગળ વધી રહી છે તેમાં વહીવટીતંત્રના સંપૂર્ણ સહયોગની ખાતરી તેમણે આપી હતી. રાજ્યના જિલ્લા મથકોએ જિલ્લા કલેકટરશ્રીઓ અને વહીવટીતંત્રના અધિકારીઓએ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

## ગુજરાત હાઈકોર્ટને મળ્યા બે નવા જજઃ કુલ સંખ્યા ૩૧ પર પહોંચી, જુઓ કોના નામોની થઈ પસંદગી

અમદાવાદઃ

ગુજરાત હાઈકોર્ટને આખરે બીજા બે નવા જજ મળ્યા છે. કેન્દ્રીય કાયદા મંત્રી કિરણ રીજીજુએ ટ્વિટ કરીને આ વિશે માહિતી આપી છે. દેવેન દેસાઈ અને મોક્ષા ઠક્કરની હાઈકોર્ટ જજ તરીકે નિમણુંક કરવામાં આવી છે. અગાઉ ગુજરાત હાઈકોર્ટને પાંચ નવા જજ મળતા હાઈકોર્ટ જજની સંખ્યા ૨૯ પર પહોંચી હતી. પરંતુ હાલમાં બે નવા જજની નિમણૂંક કરાતા હાઈકોર્ટ જજની સંખ્યા ૩૧ પર પહોંચશે.

## રાજ્યમાં પાંચ નવી ખાનગી યુનિવર્સિટી સ્થપાશે : અમદાવાદ, ભાવનગર, વડોદરા, વાપી અને સાણંદ ખાતે સ્થપાશે યુનિવર્સિટી

ગાંધીનગર

રાજ્ય સરકારે ગુણવત્તાસભર ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાના હેતુથી રાજ્યમાં પાંચ નવી ખાનગી યુનિવર્સિટી સ્થાપવા માટે ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક ૨૦૨૩ વિધાનસભા ખાતે શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું, જેને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૩ આજે ગુજરાત વિધાનસભા ખાતે રજૂ કરતાં શિક્ષણ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યના યુવાનોને ઘરઆંગણે ઉચ્ચ મળી રહે તે માટે વધુ નવી પાંચ ખાનગી યુનિવર્સિટી શરૂ કરવાનો રાજ્ય સરકારે આ સુધારા વિધેયક થકી નિર્ણય કર્યો છે, જેમાં (૧) સરદાર વલ્લભભાઈ ગ્લોબલ યુનિવર્સિટી, ચીમનભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ કેમ્પસ,અમદાવાદ (૨) જ્ઞાનમંજરી ઈનોવેટિવ યુનિવર્સિટી, સીદસર રોડ, ભાવનગર (૩) સિગ્મા યુનિવર્સિટી, વાઘોડિયા-વડોદરા (૪) રજ્જુ શ્રોફ, રોયલ યુનિવર્સિટી, વાપી અને (૫) કે. એન. યુનિવર્સિટી, સાણંદ, અમદાવાદ મળી કુલ પાંચ નવી ખાનગી યુનિવર્સિટીઓ સ્થપાશે. ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ અંતર્ગત મંજૂરી બાદ રાજયમાં ખાનગી યુનિવર્સિટીઓની સંખ્યા ૧૦૮ થશે.

તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલી નવી શિક્ષણ નીતિ યુવા વિકાસ તથા રાષ્ટ્રવાદને પ્રોત્સાહન આપે છે, જે વિદ્યાર્થીઓનું ઘડતર કરી દુનિયા સાથે કદમ મિલાવવા સક્ષમ બનાવે છે. હાલમાં રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ મેળવવામાં માટે નામાંકન અંગેના ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (જીઈઆર)ને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦ ટકા સુધી લઈ જવાનો લક્ષ્યાંક છે. આ દિશામાં ખાનગી યુનિવર્સિટીની ભૂમિકા મહત્વની રહેશે એમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આપણી સંસ્કૃતિમાં જ્ઞાન-વિજ્ઞાનનું પૂજન કરનારી શિક્ષણ પદ્ધતિ હતી, તે આજે નવી શિક્ષણ નીતિમાં વણી લેવામાં આવી છે. ભારતના ભવ્ય ઈતિહાસ, ભવ્ય સાંસ્કૃતિક વારસાના મૂલ્યોને આવરી લઈ નવી શિક્ષણ પદ્ધતિ અંતર્ગત વિદ્યાર્થીઓને ચિંતામુક્ત બનાવી ભાર વગરના ભણતર થકી વધુ સર્જનાત્મકતા વિકસાવવામાં ઉપયોગી સાબિત થશે.

નવી શિક્ષણ નીતિમાં ભાષાવાદ, જાતિવાદ કે પ્રાંતવાદથી પર માનવીય અભિગમ સાથે રાજ્યના યુનિવર્સિટીઓ કાર્ય કરી રહી છે અને નવી યુનિવર્સિટી પણ આ તર્જ પર શિક્ષણકાર્ય કરશે. નવી શિક્ષણ પદ્ધતિથી જીડીપીની સાથે સાથે હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સની પણ સમજ કેળવાશે. અન્ય રાજયના વિદ્યાર્થીઓ ગુજરાતની વિવિધ યુનિવર્સિટીમાં અભ્યાસ માટે આવી રહ્યા છે, જે રાજ્યની શિક્ષણ પ્રણાલીમાં થઈ રહેલા સુધારાઓ અને શિક્ષણક્ષેત્રે થયેલા માળખાકીય વિકાસની સાક્ષી પૂરે છે. નવી મંજૂર થયેલી યુનિવર્સિટીઓ પણ નવી શિક્ષણ પદ્ધતિ મુજબ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની વિભાવનાને સાકાર કરશે એમ મંત્રી શ્રી પાનશેરીયાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ભારતના શિક્ષણ વારસાનો ઉલ્લેખ કરતાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, અમેરિકાનો અસ્તિત્વ પણ ન હતું ત્યારે ભારતે તબીબી, તકનિકી, ખગોળીય, ગાણિતિક વગેરે સહિતના શિક્ષણના તમામ ક્ષેત્રોનું જ્ઞાન વિશ્વ સમક્ષ રજૂ કર્યું હતું. ભારતીય સંસ્કૃતિના વારસા સમાન યોગ માટે યોગ યુનિવર્સિટી પણ રાજ્યમાં શરૂકરવામાં આવી છે.

## રાજસ્થાનના CM અશોક ગેહલોતનું મોટું નિવેદન, કહ્યું- ઓબીસી સમાજનું અપમાન તો ભાજપ સરકારે કર્યું છે

અમદાવાદઃ

રાજસ્થાન મુખ્યમંત્રી અશોક ગેહલોતે રાહુલ ગાંધીના સમર્થનમાં અમદાવાદ ખાતે પત્રકાર પરિષદ આયોજન કર્યું હતું. ભાજપ દ્વારા આરોપ લગાવાયો છે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ઓબીસી સમાજનું અપમાન કર્યું છે. જેના જવાબમાં અશોક ગહેલોતે પણ વળતો જવાબ આપતા કહ્યું હતું કે, હું ઓબીસી સમાજમાંથી આવું છુ. જે કોમ્યુનિટીમાંથી આવ્યો છો તેનો એક માત્ર ધારાસભ્ય છું અને કોંગ્રેસ પક્ષે મને રાજસ્થાનનો ત્રણ વાર સીએમ બનાવ્યો છે. અપમાન તો ભાજપ સરકારે ઓબીસી સમાજનું કર્યુ છે. રાજસ્થાન મુખ્યમંત્રી અશોક ગહેલોતએ જણાવ્યું હતું કે, દેશમાં લોકતંત્ર ખતરામાં છે. દેશ કઈ દિશામાં જાય છે કોઈને ખબર નથી. જે દેશવાસીઓ માટે ચિંતાનો વિષય છે. સરકારની આલોચના કરતા લોકોને દેશદ્રોહી ચીતરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ દ્વારા સંકલ્પ સત્યાગ્રહ યોજવામાં આવ્યો જેના ભાગ રૂપે સમગ્ર દેશમાં એક સાથે ૩૫ શહેરોમાં પત્રકાર પરિષદનું આયોજન કરવાં આવ્યું છે. રાહુલ ગાંધીએ લંડનમાં જ બોલ્યા જે અહીં ઘણી વખત બોલ્યા છે. આજે દેશમાં સરકારની ટીકા કરનારા જેલમાં જઈ રહ્યા છે. મોદી સરકાર અને ભાજપે લોકતંત્ર અને કાયદો અને વ્યવસ્થાની ધજ્જિયાં ઉડાવી દીધી છે. ભાજપે લોકતંત્રની હત્યા કરી નાંખી છે અને તેથી હવે પ્રજાને જનઆંદોલનમાં જોડવાનો સમય આવી ગયો છે. રાહુલ ગાંધીને કેમ નિશાન બનાવાયા કારણ કે, તેમણે સંસદમાં અદાણી વિશે પ્રશ્નો પૂછયા અને જવાબ માંગ્યો કે, મોદી અને અદાણી વચ્ચે શું સંબધો છે? અદાણીમાં રોકાણ થયેલા રૂપિયા ૨૦ હજાર કરોડ કોના છે? જો વડાપ્રધાન મોદી અને ભાજપ સરકાર સાચા હોય તો તેમણે સંસદમાં જવાબ આપવો જોઈએ. વધુમાં સીએમ અશોક ગહેલોતે જણાવ્યુ હતું કે, ભાજપ દેશને ગેરમાર્ગે દોરવાનું કામ કરે છે. ભાજપ ઓબીસીનું અપમાન કરે છે, હું ઓબીસી સમાજમાંથી આવું છું, મારી કોમ્યુનિટીમાંથી હું એક જ ધારાસભ્ય છું, હું ત્રણ વાર મુખ્યમંત્રી બન્યો છું આ જ દર્શાવે છે કે કોંગ્રેસ પક્ષે ઓબીસી સમાજનું માન-સન્માન જાળવ્યુ છે. પ્રધાનમંત્રી પોતે ઓબીસીનું અપમાન કરી રહ્યા છે. કોંગ્રેસ પક્ષ સાથે દેશની૧૯ પાર્ટીઓએ મળીને કહ્યું કે ભાજપ જે રીતે સંવૈધાનિક સંસ્થાઓને ખતમ કરી રહી છે તે દેશ માટે સંકટ છે. આ દેશ સામે મોટો પડકાર છે. કોંગ્રેસ પક્ષ દ્વારા આગામી એક મહિના સુધી 'સંકલ્પ સત્યાગ્રહ' થકી દેશના તમામ જિલ્લા, તાલુકા, બ્લોક સુધી લોકતંત્રને બચાવવા, ભાજપના તાનાશાહી- ભ્રષ્ટાચારી નીતિ અને અદાણી સ્કેમને લોકો વચ્ચે ઉજાગર કરવા માટે જનસંપર્ક-જનજાગૃતિના કાર્યક્રમનું આયોજન કર્યું છે.

## મોજ શોખ પૂરા કરવા માટે મંદિરમાં ચોરી કર્યો શખ્સ ઝડપાયો, માત્ર છત્રની જ કરતો હતો ચોરી

અમદાવાદ

મોજ શોખ માટે રૂપિયા ભેગા કરવા માટે એક યુવક ચોરીના રવાડે ચડ્યો. જેણે કોઈ વાહન ચોરી કે ઘરફોડ ચોરીના બનાવને અંજામ નહોતો આપ્યો પરંતુ માત્ર મંદિરોને જ ટાર્ગેટ



કર્યા હતા. મંદિરમાં જઈને ચાંદીના છત્રની ચોરી કરવા લાગ્યો હતો. આરોપીએ એક બે નહિ પરંતુ સાત મંદિરમાં ચોરીના બનાવને અંજામ આપીને જ્યારે મુદ્દામાલ વેચવા જઈ રહ્યો હતો ત્યારે પોલીસે તેને ઝડપી લીધો હતો. અત્યારે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બોડકદેવ પોલીસે બાતમીના આધારે જીગર દેસાઈ નામના આરોપીની ધરપકડ કરી છે. આરોપીની પૂછપરછ બાદ જાણવા મળ્યું હતું કે, તેણે સોલા, બોડકદેવ, કડી, મહેસાણા, અને સાંતેજમાં મંદિરમાં ચોરી કરી હતી. આરોપીને મોજ શોખ પૂરા કરવા માટે રૂપિયાની જરૂર હોવાથી તેને અન્ય કોઈ જગ્યાએ નહીં પરંતુ મંદિરોમાં જ ચોરી કરી હતી. અન્ય કોઈ જગ્યાએ ચોરી કે લૂંટ કરે તો પોલીસના હાથે પકડાઈ જાય તેવા ડરથી જે મંદિરમાં ચોરી કરતો હતો. ધોરણ સાત સુધીનો અભ્યાસ કરેલ આરોપી સવાર થતા મંદિરમાં પહોચી જતો હતો. બાદમાં જ્યાં કોઈની અવર જવરના હોય ત્યાં ચાંદીના છત્રો ચોરીને ફરાર થઈ જતો હતો. આરોપીએ કેટલોક મુદ્દામાલ કડીના સોનીને પણ વેચ્યો હોવાનું સામે આવ્યું હતું. વહેચેલ મુદ્દામાલનો માત્ર તેણે હિસાબ કરીને રાખ્યો હતો. પરંતુ રૂપિયા મેળવ્યા ના હતા. સોની વેપારી એ હિસાબ અંગે વાત કરતા બાદમાં હિસાબ કરવાનુ કહ્યુ હતું.

ઉલ્લેખનીય છે કે, આરોપી પાસેથી પોલીસે ૨ કિલો ૧૫૦ ગ્રામના ચાંદીના ૪૩ નંગ છત્ર કબજે કર્યા છે. હાલમાં પોલીસે આરોપીની પૂછપરછ શરૂકરીને વધુ તપાસ શરૂકરી છે. જો કે તપાસ દરમિયાન અન્ય ગુનાનો ભેદ પણ ઉકેલાઈ શકે છે. પોલીસે આ મામલે આરોપીની ધરપકડ કરીને કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદઃ પરિચિતને કામે રાખવાનું પડ્યુ મોઘું, ૨૫ કિલો સોનાની લૂંટ, બસમાં મુંબઈ લઈ જવાતું સોનું લઈને આરોપીઓ ફરાર

અમદાવાદ

શહેરમાં૧૩.૫૦ કરોડનું ૨૫ કિલો સોનું લઈ આરોપીઓ ફરાર થઈ ગયા છે. આ સોનું બસમાં મુંબઈ લઈ જવામાં આવતું હતુ, તે દરમિયાન આરોપીઓ ગાડીમાં આવ્યા હતા અને બસ રોકાવી હતી. આરોપીઓએ બસમાં ઘૂસીને સોનું લઈને ફરાર થઈ ગયા હતા. જોકે, આમાં ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે. અમદાવાદના બુલિયનના વેપીરીની દુકાનમાં જ કાર કરતા કર્મચારીએ તેના મિત્રો સાથે મળીને આ આખો પ્લાન બનાવ્યો હતો. આ મામલે વેપારીએ ૫ લોકો સામે ક્રાઈમ બ્રાન્ચમાં અરજી કરી હતી. નાસી ગયેલા દુકાનના કર્મચારી સહિત ૫ વ્યક્તિ સામે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે બાદ હવે ક્રાઈમ બ્રાંચે પાંચ આરોપીઓની તપાસ હાથ ધરી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, શહેરના નિકોલમાં રહેતા વિજય હુમર માણેકચોકમાં બુલિયન ગોલ્ડન વેપારી છે. છેલ્લા ત્રણ વર્ષથી તેઓ બુલિયનનું કામ કરે છે.

તેમના પરિચિત ચિરાગ પંડ્યાના દીકરા યશ પંડ્યાને તેમણે નોકરી પર રાખ્યો હતો. વિજય હુમરે ૧૫થી ૧૭ જાન્યુઆરી દરમિયાન ૨૫ કિલો સોનું ખરીદ્યુ હતુ. તેમણે આ સોનું મુંબઈ મોકલવાનું હતુ. જેથી ૧૯ જાન્યુઆરીના રોજ આ સોનાને ૧૦ અને ૧૫ કિલો એમ કુલ ૧૫ કિલો સોનું બે બેગમાં ભર્યુ હતુ. આ સોનું કુલ ૧૩.૫૦ કરોડનું હતુ. રાતે ૧૧ કલાકે વિજયભાઈના મિત્ર પાર્થનો સાળો આદિત્ય અને દુકાનનો કર્મચારી યશ પંડ્યાને સીટીએમથી ખાનગી ટ્રાવેલ્સની લકઝરી બસમાં મોકલ્યા હતા. મળતી માહિતી પ્રમાણે, ૧૦ કિલોની બેગ આદિત્ય પાસે હતી, જ્યારે ૧૫ કિલોની બેગ યશ પાસે હતી. બીજા દિવસે સવારે આદિત્યએ ફોન કરીને વિજય હુમરને ફોન આવ્યો હતો. જેમા તેણે જણાવ્યુ કે, યશ સોનું લઈને ભાગી ગયો છે. ભરુચથી અંકલેશ્વર જવાના રસ્તે એક જગ્યાએ બસ ચા-નાસ્તો કરવા માટે ઉભી રાખવામાં આવી હતી. તે દરમિયાન આ આખી ઘટના બની હતી. આદિત્યએ એમ પણ જણાવ્યુ કે, યશ તેના પરિચિત મિત્રો સાથે ઈનોવા ગાડીમાં બેસીને ભાગી ભાગી ગયો હતો. શહેરના શાહપુર વિસ્તારમાંથી સાંજના સમયે આશરે ૩ કરોડ જેટલી કિંમતના ૬ કિલો જેટલા સોનાના દાગીના ભરેલી બેગની લૂંટનો બનાવ બન્યો હતો. થોડા સમય પહેલા અમદાવાદના જ્વેલર્સના કર્મચારી પાસેથી બે બાઈક ચાલકો કરોડોના સોનાના દાગીના ભરેલી બેગ લઈને ફરાર થઈ ગયા હતા. જેમા ૩ કરોડ જેટલા સોનાની લૂંટ મચાવી હતી.



## બોલીવુડ-હોલીવુડ મસાલા

### ડેટિંગના સમાચાર બાદ ફેમસ કપલને ફેમિલી તરફથી મળી લીલી ઝંડી, ફેન્સ રાહ જોઈ રહ્યા છે લગ્નની!

આ દિવસોમાં આદિત્ય રોય કપૂર અને અનન્યા પાંડે તેમની પ્રોફેશનલ લાઈફ કરતાં તેમની પર્સનલ લાઈફને લઈને વધુ ચર્ચામાં છે. એવી પણ અટકળો છે કે, બંને એકબીજાને ડેટ કરી રહ્યાં છે. દરમિયાન, આ રુમર્સ કપલ વિશે એક મોટું અપડેટ સામે આવ્યું છે. ફેન્સ તો બંનેના લગ્નની વાતો પણ કરી રહ્યા છે. જેથી આ બંને હાલના દિવસોમાં



લાઈમલાઈટમાં છે. બોલિવૂડની સુંદર અભિનેત્રી અનન્યા પાંડે અને આદિત્ય રોય કપૂરના લવ અફેરની ચર્ચા ઘણા સમયથી બોલિવૂડમાં થઈ રહી છે. ભૂતકાળમાં બંનેને એકસાથે રેમ્પ વોક કરતા પણ જોવામાં આવ્યા હતા, ત્યારપછી એવા અહેવાલો આવવા લાગ્યા હતા કે, આદિત્ય અને અનન્યા આ રીતે પોતાના સંબંધોને સાર્વજનિક કરવાની તૈયારી કરી રહ્યા છે. જોકે, હવે બંનેમાંથી કોઈએ પણ આ સંબંધ અંગે ખુલીને પ્રતિક્રિયા આપી નથી. પરંતુ બંને ઘણી જગ્યાએ સાથે જોવા મળે છે. હવે જો મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો બંનેના પરિવારજનોએ પણ આ સંબંધને લીલી ઝંડી આપી દીધી છે.ભલે આદિત્ય રોય કપૂર હાલના દિવસોમાં અનન્યા પાંડે સાથેના સંબંધોને લઈને ચર્ચામાં હોય, પરંતુ આ પહેલા પણ તેનું નામ ઘણી અભિનેત્રીઓ સાથે જોડાઈ ચૂક્યું છે. આ પહેલા આદિત્ય રોય કપૂરનું નામ તેની હિટ ફિલ્મ આશિકી ૨ની આરોહી એટલે કે, શ્રદ્ધા કપૂર સાથે પણ જોડાઈ ચૂક્યું છે. આ ફિલ્મ પછી તેમના અફેરના સમાચાર પણ સામે આવ્યા હતા. જોકે, એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, આદિત્ય રોય કપૂર અને અનન્યા પાંડે આખરે ડેટ કરી રહ્યાં છે. આ ઉપરાંત ફેન્સે બંનેને ઘણી વખત સાથે સ્પોટ કર્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે, બંનેનો પ્રેમ એક પાર્ટીથી શરૂથયો હતો. આદિત્યએ ઈન્સ્ટાગ્રામ દ્વારા લોકોને એક હિંટ પણ આપી છે કે, તે અનન્યા પાંડે સાથે રિલેશનશિપમાં છે.ફિલ્મ ઈન્ડસ્ટ્રીના એક સૂત્રએ બોલિવૂડ લાઈફને જણાવ્યું કે, અનન્યા અને આદિત્ય એકબીજા પ્રત્યે ખૂબ જ ગંભીર છે. બંનેના પરિવારજનોએ પણ તેમના સંબંધોને લીલી ઝંડી આપી દીધી છે. આદિત્ય-અનન્યા ટૂંક સમયમાં તેમના સંબંધોને લઈને એક પગલું આગળ વધારવા માંગે છે. જે અંગે ફેન્સ અનુમાન લગાવી રહ્યા છે કે, બંને જલ્દી લગ્ન કરવા જઈ રહ્યા છે. જ્યારે સૂત્રનું કહેવું છે કે, તેમને ઉતાવળ નથી. અને બંને એકબીજાને સમય આપવા માંગે છે. આ બંને જલ્દી જ સાથે વેકેશન પર જઈ શકે છે. અનન્યા અને આદિત્ય આ સંબંધને થોડો વધુ સમય આપવા માંગે છે. આવનારા સમયમાં જલ્દી જ બંને પોતાના પ્રેમનો ઈઝહાર કરીને લોકોને ચોંકાવી શકે છે. આદિત્યની એક્ટિંગ કરિયરની વાત કરીએ તો તે, છેલ્લે ક્રાઈમ-થ્રિલર વેબ સિરીઝ 'ધ નાઈટ મેનેજર'માં જોવા મળ્યો હતો. આ સિરીઝમાં આદિત્ય રોય કપૂર સાથે અનિલ કપૂર પણ મહત્વના રોલમાં જોવા મળ્યો હતો. ટૂંક સમયમાં તે તેની આગામી ફિલ્મ 'ગુમરાહ'માં જોવા મળશે. બીજી તરફ અનન્યા પાંડે ટૂંક સમયમાં ડ્રીમ ગર્લ ૨ માં જોવા મળશે.

### આય હાય! એકલી ગંજી પહેરીને જ એરપોર્ટ પહોંચી ગયા 'બાબા નિરાલા', ચર્ચામાં છે બોબી દેઓલનો સ્વેગ

વેબ સિરીઝ 'આશ્રમ'થી બોલિવૂડ એક્ટર બોબી દેઓલનું કમબેક હજુ પણ ચર્ચામાં છે. બોબી સમયાંતરે ચર્ચામાં હોય છે. ખાસ કરીને પોતાની ફિટનેસ કારણે તે સોશિયલ મીડિયા પર છવાયેલો છે. બોબી સોશિયલ મીડિયા પર જિમમાં વર્કઆઉટના ફોટા અને વિડીયો શેર કરતો હોય છે. આ દરમિયાન તેનો એક વિડીયો ચર્ચામાં છે. આ વીડિયોમાં તે અલગ જ અંદાજમાં જોવા મળી રહ્યો છે. આ વિડીયોમાં બોબી દેઓલ એરપોર્ટ પર શર્ટલેસ લૂકમાં જોવા મળી રહ્યો છે. સેલિબ્રિટી ફોટોગ્રાફર વિરલ ભાયાણીએ બોબીનો આ વિડીયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે, જેમાં બોબી માત્ર વેસ્ટ એટલે કે ગંજી પહેર્યુ હોવાનું જોવા મળી રહ્યું છે. વિડીયોમાં તે કારમાંથી બહાર નીકળતાની સાથે સેન્ડો વેસ્ટ અને કાર્ગો પેન્ટમાં જોવા મળે છે. જેમાં બોબીની જબરદસ્ત ફિટનેસ હોવાનું માલુમ પડે છે. બોબી ઘણાબધા પોઝ પણ આપી રહ્યો છે. આ પછી બોબી બ્લેક જેકેટ પહેરે છે અને આગળ જાય છે. બોબી દેઓલનો આ લુક સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. બોબીના આ વિડીયો પર ફેન્સ ખૂબ જ રિએક્શન આપી રહ્યા છે. કેટલાકે તેની ફિટનેસના વખાણ કર્યા તો કેટલાકે તેની સ્ટાઈલના વખાણ કર્યા હતા. આ વિડીયોને ઢગલાબંધ લાઈક અને કોમેન્ટ મળી છે. બોબી દેઓલ ખુબ જ જલ્દી સાઉથ ઈન્ડિયન ફિલ્મોમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. બોબી ફિલ્મ 'હરિ હારા વીરા મલ્લુ'માં જોવા મળવાનો છે. આ ફિલ્મ માટે તેણે તૈયારી પણ શરૂકરી દીધી છે. બોબી આ ફિલ્મમાં 'ઔરંગઝેબ'નું પાત્ર ભજવી રહ્યો છે, તેથી અભિનેતાના ચાહકો પણ તેની ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ પહેલા તેણે પોતાની વેબ સીરિઝ 'આશ્રમ'ના કારણે ચર્ચામાં રહ્યો હતો. આ સિરીઝની ચોથી સિઝનની ચર્ચા પણ જોરશોરથી ચાલી રહી છે.

### શાહિદે પોતાના બાળકની જેમ ધ્યાન રાખ્યું, મારા ડાયપર બદલ્યા, માતા-પિતાના છૂટાછેડા પર ઈશાન ખટ્ટરે કર્યો મોટો ખુલાસો

એક્ટર ઈશાન ખટ્ટરે ૨૦૧૭માં બિયોન્ડ ધ ક્લાઉડ્સથી ફિલ્મી દુનિયામાં ડેબ્યુ કર્યું હતું. તે ફિલ્મ ધડકમાં પોતાની એક્ટીંગથી લોકોના દિલ જીતવામાં સફળ રહ્યો હતો. હાલ અભિનેતા પાસે થોડા પ્રોજ્ક્ટ પણ છે. મહત્વનું છે કે, તેની માતા નીલિમા અઝીમ સહિત ભાઈ શાહિદ કપૂરને તેમના પર ગર્વ છે. તાજેતરમાં જ ઈશાન ખટ્ટરે શાહિદ કપૂર સાથેના તેના બોન્ડિંગ પર ખુલીને વાત કરી હતી. જેમાં તેણે કહ્યું કે, તેણે માતા-પિતાની જેમ તેનું ધ્યાન રાખ્યું છે. ઈશાન નીલિમા અઝીમ અને રાજેશ ખટ્ટરનો પુત્ર છે, જેમણે વર્ષ ૨૦૦૧માં છૂટાછેડા લીધા હતા. નીલિમાએ પહેલાં પંકજ કપૂર સાથે લગ્ન કર્યા હતા અને વર્ષ ૨૦૦૯માં બંનેના છૂટાછેડા થઈ ગયા હતા. આ ઈન્ટરવ્યુમાં ઈશાનની માતાએ એક સુંદર મેસેજ આપતાં કહ્યું કે, તે પરિવારમાં દરેક માટે ખુશી લાવે છે અને તેને તેના પર અમને ખૂબ ગર્વ છે. પિંકવિલા સાથેના એક ઈન્ટરવ્યુમાં શાહિદ કપૂરના બાળકો મીશા અને ઝૈન પણ કહી રહ્યાં હતા કે, 'ચાચુ અમે તમને પ્રેમ કરીએ છીએ.' ઈશાનને આ સાંભળીને એકદમ નવાઈ લાગી હતી. આ મુલાકાતમાં ઈશાન ખટ્ટરે તેના ભત્રીજા અને ભત્રીજી સાથેના સંબંધો વિશે વાત કરી અને કહ્યું કે તેઓ તેમના મિત્રો છે અને તેઓ સાથે ખૂબ જ મસ્તી કરે છે. પરંતુ મીશા અને ઝૈન બંને ખૂબ જ સ્માર્ટ છે. તેને જે બાબત નોંધપાત્ર લાગે છે, તે એ છે કે આ બાળકો પાસે સારો આઈક્યૂની સાથે સાથે તેઓ પુખ્ત વયના લોકો શું અનુભવે છે, તે સમજવા માટે તેઓ ભાવનાત્મક રીતે એટલા બુદ્ધિશાળી પણ છે. ઈશાને તેના માતા-પિતાના અલગ થવાની વાત પર પણ ચર્ચા કરી છે. ઈશાન છ વર્ષનો હતો ત્યારે તેના માતા-પિતા અઝીમ અને રાજેશ ખટ્ટર અલગ થઈ ગયા હતા. તેના પર ઈશાને કહ્યું કે, તેણે હંમેશા પ્રતિકૂળતાનો એ રીતે સામનો કર્યો છે કે તે લગભગ પરીક્ષણ કરે છે કે તે કેટલું સહન કરી શકે છે. તેને લાગે છે કે, વિપરિત પરિસ્થિતઓથી જ ચારિત્ર્યનું નિર્માણ થાય છે અને તે આજે જે પણ કાંઈ છે તે માત્ર અનુભવોના કારણે છે. તેની આસપાસ ખુબ જ ભાગ્યશાળી લોકો છે. જો કે, એક વસ્તુ જે હંમેશા સમાન રહી છે, તે છે શાહિદ સાથેની તેની બોન્ડિંગ. ઈશાન જણાવે છે કે, મારો જન્મ થયો ત્યારે શાહિદ ૧૫ વર્ષનો હતો, તેથી તે તેનું ડાયપર પણ બદલતો હતો અને તેથી તે હંમેશા ઈશાન પ્રત્યે ખૂબ જ પેરેંટલ અનુભવે છે. શાહિદ તેના જીવનમાં એકમાત્ર એવો પુરુષ છે, જેણે તેને નિયંત્રણમાં રાખ્યો છે. બંને ભાઈઓ વચ્ચે આ આ એક ખૂબ જ અનોખો સંબંધ છે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો ,ઈશાન ખટ્ટર ફિલ્મ પિપામાં જોવા મળશે.

# ગાંધીનગરનાં પોરમાં મોબાઈલથી વરલી મટકાંનાં આંકડા લખતો ઈસમ ઝડપાયો, ૯૨ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર

ગાંધીનગરના પોર ગામમાં ૮૦ હજારના મોબાઈલથી વોટ્સઅપ થકી વરલી મટકાંનો જુગાર રમી રમાડતાં ઈસમને લોકલ ક્રાઈમ બ્રાંચ - ૨ ની ટીમે ઝડપી પાડ્યો હતો. પોલીસે ૧૨ હજાર રોકડા, જુગારનું સાહિત્ય મળીને કુલ રૂ.૯૨ હજાર ૩૩૦નો મુદ્દામાલ જપ્ત કરી વરલી મટકાંનાં આંકડાનું કટિંગ લેતાં અન્ય એક ઈસમ વિરુદ્ધ પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચ - ૨ ની ટીમને બાતમી મળી હતી કે, અડાલજ પોલીસ મથકની હદમાં આવેલા પોર ગામની સીમમાં ઈંટોના ભઠ્ઠા પાસે સિંકદર અલીમીયા મલેક નામનો ઈસમ પોતાના અંગત ફાયદા અર્થે મોબાઈલ ફોન ઉપર વરલી મટકાનો આંક ફરકનો પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડી રહ્યો છે. જેનાં પગલે ક્રાઈમ બ્રાંચની ટીમે પોર ગામના પાટીયા પાસે પહોંચી પોતાનું વાહન ત્યા ઉભું રાખી દીધું હતું.

બાદમાં ચાલતાં ચાલતાં ઈંટોના ભઠ્ઠા નજીક જતા કાચા રસ્તા ઉપર એક ઈસમ નીચે બેસી શંકાસ્પદ પ્રવૃતિ કરતાં નજરે પડ્યો હતો. જેને ઉઠાવી લઈ કડકાઈથી પૂછતાંછ કરતાં તેણે પોતાનું નામ સિંકદર અલીમીયા મલેક (રહે. મુસ્લીમવાસ પોર ગામ) હોવાનું જણાવ્યું હતું. જેની પાસે સેમસંગ કંપનીનો Z FOLD4 મોબાઈલ ફોન જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. બાદમાં આંકડા લખેલ કાગળ જોતા મિલન લખેલ અને વિવિધ આંકડા પણ લખેલા જોવા મળ્યાં હતા.

જે અંગે વધુ પૂછતાંછ કરતાં સિકંદરે કબૂલાત કરેલ કે, પોતાની ઉપર ગ્રાહકોનો વરલીના આંકડા બાબતે ફોન આવે તો કાગળમાં વરલીનાં આંકડા લખતો હતો. ઉપરાંત ગામના કલ્પેશજી ઠાકોરને કટિંગ પણ આપતો હતો. જેની અંગ ઝડતી કરતાં જુદા જુદા દરની ૧૨,૩૩૦ ની ચલણી નોટો સહિત જુગારનું સાહિત્ય મળી આવ્યું હતું. જેથી એલસીબીએ સિકંદરની ધરપકડ કરી કલ્પેશજી ઠાકોર વિરુદ્ધ પણ અડાલજ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો છે.

# આજે ગાંધીનગરમાં એકસાથે ૨ હજાર બાળકોને મંત્રૌષધિ સુવર્ણપ્રાશન સંસ્કાર કરાવી રેકોર્ડ બનાવાશે

ગાંધીનગર

રાજકોટની સંસ્કૃતિ આર્ય ગુરૂકુળ, ગાંધીનગર મહાનગર પાલિકા, જિલ્લા પંચાયત તેમજ જિલ્લા ભાજપા ડોકટર સેલના સંયુક્ત ઉપક્રમે એક વર્ષ સુધી દર મહિનાના પુષ્યનક્ષત્રના દિવસે ૬૩ સ્કૂલ અને ૧૧૧ આંગણવાડીના કુલ ૧૭૪ સેન્ટર પર ૧૮ હજાર બાળકોને મંત્રૌષધિ સુવર્ણપ્રાશન સંસ્કાર કરાવવામાં આવશે. જે અન્વયે આજે ખોરજ ખાતેના પંચવટી ફાર્મ હાઉસમાં એક સાથે ૨ હજાર બાળકોને મંત્રૌષધિ સુવર્ણપ્રાશન સંસ્કાર કરાવી રેકોર્ડ પણ સ્થાપિત કરવામાં આવશે.

જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે સુવર્ણપ્રાશન સંસ્કાર પુષ્યનક્ષત્રના દિવસે કરવું ઉત્તમ ગણાય છે.બાળકોના સર્વાંગી વિકાસમાં આ સંસ્કારની મહત્ત્વની ભૂમિકા હોવાનું મનાય છે. આપણે ત્યાં પુષ્ય નક્ષત્ર સાથે સોનાની ખરીદીની સંકલ્પના સંકળાયેલી છે. શરીરમાં લોહ, ચાંદી, સ્વર્ણ અને તાંબું આ દરેક ધાતુની જરૂર હોય છે. સોનાથી હૃદય સ્વસ્થ બને છે. આનાથી બાળકનો વર્ણ પણ વ્યવસ્થિત થાય છે.

સ્વર્ણ પ્રાશન બળવર્ધક, બુદ્ધિવર્ધક, અગ્નિવર્ધક, મેધાવર્ધક એટલે કે યાદશક્તિ વધારનાર છે. કોઈ દવા મહિનામાં એક જ વાર લેવાની હોય તો આયુર્વેદ મુજબ દવા લેવા માટેનું સૌથી સારું નક્ષત્ર પુષ્ય નક્ષત્ર માનવામાં આવે છે. જે અન્વયે આવતીકાલે એકસાથે બે હજાર બાળકોને સુવર્ણપ્રાશન સંસ્કાર કરાવવામાં આવશે.

ત્યારે આગામી એક વર્ષ દરમ્યાન સંસ્કૃતિ આર્ય ગુરુકુલ-રાજકોટ, ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર જિલ્લા પંચાયત તેમજ ગાંધીનગર મહાનગર અને જિલ્લા ભાજપ ડોકટર સેલના સંયુક્ત ઉપક્રમે દર મહિનાના પુષ્યનક્ષત્રના દિવસે ૬૩ સ્કૂલ અને ૧૧૧ આંગણવાડીના કુલ ૧૭૪ સેન્ટર પર ૧૮ હજાર બાળકોને મંત્રૌષધિ સુવર્ણપ્રાશન સંસ્કાર કરાવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુવર્ણભસ્મ, મધ, આમળા, બ્રાહ્મી, વચા, શંખપુષ્પીના ઉપયોગથી મંત્રૌષધિ સુવર્ણપ્રાશન ઔષધ તૈયાર થાય છે. જે ૦ થી ૧૨ વર્ષના બાળકોમાં રોગપ્રતિકારકતા વધારે છે, માનસિક અને શારીરિક મજબૂતાઈ તેમજ શ્રવણશક્તિ ઉત્તમ બનાવવા સહિતના ફાયદા આપે છે.

# ગાંધીનગરમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યોઃ દવાનો છંટકાવ - ફોગિંગ કરવાની નગરજનોની માગ

ગાંધીનગર

ડબલ ઋતુને પગલે ગાંધીનગર શહેરમાં મચ્છરો અને જીવજંતુઓનો ઉપદ્રવ વધી ગયો છે, જેને પગલે દવાઓ તથા પાવડર છંટકાવની માંગણી ઉઠી છે. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ આ અંગે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખ્યો છે. જેમાં રજૂઆત કરી છે કે, શહેરના સેકટરો તથા ગામોમાં કમોસમી વરસાદને કારણે તથા શહેરમાં નિયમિત સાફસફાઈને અભાવે જીવજંતુઓ તથા મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે.

જેને લીધે હાલ શહેરમાં બીમારીઓ વધી છે. વધેલી બિમારીને પગલે મચ્છરોના ઉપદ્રવ ડામવાની જરૂરિયાત છે.

એટલું જ નહીં શહેરમાં દરેક જગ્યાએ યોગ્ય સફાઈ કરીને જીવજંતુઓના નાશ માટે દવાઓ તથા પાવડર છંટકાવ કરવો જરૂરી છે. ઉલ્લેખનીય છે કે કોર્પોરેશનન દ્વારા છેલ્લા અઠવાડિયામાં એક લાખથી વધુ ઘરોમાં સર્વેલન્સની કામગીરી કરી હતી. જેમાં ૧૪૦૦ ઘરો અને ૩૭૦૦ પાત્રોમાં મચ્છરોના પોરા મળી આવ્યા હતા. મલેરિયાની ટીમ દ્વારા સ્થળ પર જ પોરાનાશકની કામગીરી કરવામાં આવી હતી. પાટનગરમાં ડેન્ગ્યૂના સાત અને મેલેરિયાના ત્રણ કેસ નોંધાયેલા છે. આ ઉપરાંત તાવના દર્દીઓ પણ વધ્યા છે, જેને પગલે શહેરમાં દવાઓનો છંટકાવ જરૂરી બની ગયો છે.

ગાંધીનગરમાં ડબલ ઋતુને પગલે મચ્છરજન્ય રોગચાળો વધ્યો છે. ડેન્ગ્યું સહિતના રોગચાળાએ માથું ઉચક્યું છે. એકતરફ કોરોનાના કેસ વધી રહ્યા છે. ત્યારે અન્ય રોગચાળાએ પણ માથું ઉંચકતાં સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. શહેરના દરેક વિસ્તારમાં તંત્ર દ્વારા દવા છંટકાવ સહિત ફોગિંગની કામગીરી કરવામાં આવે તેવી માગણી નાગરિકો કરી રહ્યા છે. શહેરમાં ઘરોમાં સરવેની કામગીરી પણ ચાલી રહી છે.

# કલોલના શખ્સે રીક્ષા ચાલકને ત્રણ લાખ આપવાની લાલચ આપી જમીનના ગીરોખતમાં સહી કરાવી લીધી

ગાંધીનગર

કલોલના શખ્સે રીક્ષા ચાલકને નવી રીક્ષા ખરીદવા માટે ત્રણ લાખ રૂપિયા આપવાની લાલચ આપી માત્ર ત્રણ હજારમાં જમીન ગીરવે લઈને માણસા મામલતદાર કચેરી ખાતે મળતિયાઓ સાથે મળી ધાક ધમકીઓ આપી ગીરોખતમાં સહીઓ કરાવી છેતરપિંડી આચરવામાં આવતાં માણસા પોલીસે ગુનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.કલોલ અંબિકા નગર ખાતે રહેતાં મહેન્દ્રસિંહ બળદેવજી ચાવડા ભાડેથી રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. આજથી એકાદ માસ અગાઉ તેમની કલોલ અંબિકા બસ સ્ટેન્ડ નજીક ચાની કિટલી હોવાથી કિરણ દેસાઈ (રહે. મહેન્દ્ર મિલ ની ચાલી, કલોલ) નામના ઈસમ સાથે ઓળખાણ થઈ હતી. આથી માટે મહેન્દ્રસિંહે બિલોદરા ખાતે આવેલી જમીન ગીરવે મૂકીને રીક્ષા ખરીદવા માટેની વાત કિરણ દેસાઈને કરી હતી.

આ સાંભળીને કિરણ દેસાઈએ જમીન હડપ કરવાનો પ્લાન ઘડી કાઢી થોડા દિવસ અગાઉ મહેન્દ્રસિંહને કહ્યું હતું કે, નવી રિક્ષા લાવવી હોય તો એક ભાઈ છે. જે જમીન ગીરવે લઈ ૩ લાખ આપશે. આમ નક્કી થયા મુજબ પાંચેક દિવસ અગાઉ વાઉચર ઉપર સહી કરાવી જમીનના ટોકન પેટે ૩ હજાર મહેંદ્રસિંહને આપ્યા હતા. અને બાકીના પૈસા માણસા મામલતદાર કચેરી ગીરોખત કર્યા પછી આપવાનો વાયદો કર્યો હતો.

જે મુજબ ગઈકાલે સવારે કલોલ અંબિકા ખાતે કિરણ એક લાલ કલરની સ્વીફ્ટ ગાડી લઈ ગયો હતો. અને પૈસા બતાવીને કહેવા લાગેલો કે માણસા મામલતદાર કચેરી ગીરોખત કરવા જવાનું છે. જ્યાં કામ પત્યા પછી બાકીના પૈસા મળી જશે. આથી મહેન્દ્રસિંહ તેની સાથે માણસા આવ્યા હતા. એ વખતે એક ઈસમ પણ ગાડીમાં હતો.

બાદમાં મામલતદાર કચેરી ખાતે જઈ ગીરો ખતમાં સહી કરી દેવા મહેન્દ્રસિંહને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવા લાગ્યા હતા. અને મામલતદાર કચેરીમાં જઈ કિરણ દેસાઈ સાથે આવેલ અન્ય ઈસમોએ મહેંદ્ર સિંહને સાથે રાખી સહી જમીનના ગીરોખતમાં કરાવી લીધી હતી. અને બાકીના પૈસા પણ નહીં આપી મહેંદ્રસિંહને મામલતદાર કચેરી બહાર મૂકીને ભાગી ગયા હતા. આખરે પોતાની સાથે છેતરપિંડી થયા નો ખ્યાલ આવતા મહેંદ્રસિંહે માણસા પોલીસ મથકના ફરીયાદ દાખલ કરાવી છે.

# ગાંધીનગરઃ સેક્ટર ૨૧માંથી ૩૦૦ જોડી બૂટ ચોરનારા બે આરોપી પકડાયા

ગાંધીનગર

શહેરના સેક્ટર ૨૧ સ્થિત સરકારી ક્વોટર્સની બાજુમાં બુટ ભરીને મુકવામાં આવેલી લારીની ચોરી થઈ હતી. ચોર લારીને અડધી રાત્રે ચોરી કરી પલાયન થઈ ગયા હતા અને લારીને સેક્ટર ૨૮ સ્થિત એક છાપરામાં સંતાડવામાં આવી હતી. ત્યારે એલસીબીની ટીમે બે આરોપીઓને ચોરાયેલા માલ સાથે ઝડપી લીધા હતા અને સેક્ટર ૨૧ પોલીસ મથકને સોપવામાં આવતા કાર્યવાહી હાથ ધરી હતી.મળતી માહિતી મુજબ અમદાવાદ અમરાઈવાડીના રાકેશ તુલસીભાઈ દાયમા સેક્ટર ૨૧માં આવેલી મહાત્મા ગાંધી હાઈસ્કૂલ પાસે રોડ સાઈડમાં બુટનો વેપાર કરે છે. જેમાં તેમણે બુટની લારી સરકારી ક્વોટર્સ ૭૬/૩ પાસે મુકી હતી. એક સાથે ૫ લારી મુકવામાં આવી હતી. શહેરમાં દબાણ સામે ઝુંબેશ ચાલતી હોવાથી આવતા ન હતા. જ્યારે વેપાર કરવા આવ્યા પછી પાંચમાંથી એક લારી ગાયબ હતી, જેમાં એક લાખ રુપિયાની કિંમતના ૩૦૦ જોડી બુટ હતા.

બુટ ભરેલી લારીની ચોરી પછી પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં એલસીબી પીઆઈ ડી.બી.વાળાની ટીમને તપાસ કરતા ચોરની બાતમી મળી હતી. જેમાં બુટ ભરેલી લારી સેક્ટર ૨૮ વરિયા સમાજની વાડી પાછળ આવેલા છાપરામાં સંતાડવામાં આવી હોવાની માહિતી મળતા ટીમ પહોંચી હતી અને બે આરોપી જેમાં અરબાઝ આરીફભાઈ શેખ (રહે, પેથાપુર) અને ક્રિષ્ન હેમરાજભાઈ પ્રજાપતિ (રહે, સેક્ટર ૨૮ છાપરા)ને ઝડપી લીધા હતા. આરોપીઓની પૂછપરછ કરતા બુટ પોતે ચોરી કર્યા હોવાનુ જણાવ્યુ હતુ. જ્યારે લારીને સેક્ટર ૨૮ છાપરામાં સંતાડવામાં આવી હોવાની જણાવ્યુ હતુ. જેને લઈ પોલીસે બંને આરોપીઓને ઝડપી મુદ્દામાલ રીકવર કરી સેક્ટર ૨૧ પોલીસને સોપવામાં આવ્યા હતા.સેક્ટર ૨૧માંથી બુટ ચોરવાના બનાવમાં બે આરોપીને પોલીસે પકડ્યા હતા. પરંતુ ચોરી બાબતે ચર્ચા થઈ રહી છેકે, આરોપી બે નહી ત્રણ હતા. જેમાં એક પોલીસ કર્મચારીનો ભાઈ હતો. પરંતુ તેને હાલમાં પકડવામાં આવ્યો નથી અને તેનો બચાવ કરવામાં આવ્યો હોવાની ચર્ચા સાંભળવા મળી રહી છે.

## ૧ એપ્રિલથી અમદાવાદ-વડોદરાના ટોલ ટેક્સમાં થશે વધારો

ગાંધીનગર

પહેલી એપ્રિલથી હવે વડોદરા અને અમદાવાદ વચ્ચે નેશનલ એક્સપ્રેસ વે તથા નેશનલ હાઈવે ૪૮ પર ટોલ ફીનો વધારો અમલી કરવામાં આવશે જેના કારણે આ રસ્તે અવરજવર કરતા લોકોના ખિસ્સા પર અસર થઈ શકે છે. આ જાહેરાત આરબીઆઈ દ્વારા કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ આરબીઆઈ દ્વારા જે જાહેરાત કરવામાં આવી છે તે મુજબ વડોદરાથી આણંદ, નડિયાદ, ઔડા રિંગ રોડ અને અમદાવાદ માટેના ટોલમાં ૫ રૂપિયાથી લઈને ૧૦ રૂપિયા સુધીનો વધારો કરાયો હોવાનું જાણવા મળ્યું છે.

# ભાવનગરના મેવાસા ગામ નજીક ગમખ્વાર અકસ્માત, ટ્રક પલટી મારતા ૬ શ્રમિકોના કરૂણ મોત

ભાવનગર

રાજ્યમાં ગમખ્વાર અકસ્માતોની એક પછી એક ઘટનાઓ સામે આવી છે, ત્યારે ભાવનગરના વલ્લભીપુર મેવાસા નજીક ગમખ્વાર અકસ્માત થયો છે, જેમાં ટ્રક પલટી મારતા આ દુર્ઘટનામાં ૬ લોકોના સ્થળ પર જ કમકમાટીભર્યા મોત થયા છે. હાલ પોલીસ ઘટના સ્થળે પહોંચીને આગળની તપાસ હાથ ધરી છે.

આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, ભાવનગરના વલ્લભીપુર તાલુકાના મેવાસા ગામ પાસે ભયાનક દુર્ઘટના સર્જાઈ છે. મેવાસા ગામ નજીક કડબ ભરેલો ટ્રક પલટી મારી જતાં અનેક શ્રમિકો ટ્રક નીચે દટાયા છે. પરંતુ પ્રાથમિક માહિતી અનુસાર આ ગમખ્વાર અકસ્માતમાં ૬ લોકોના કરૂણ મોત થયા છે.

આ દુર્ઘટનામાં ટ્રક પલટી મારી જવાનું કારણ સામે આવ્યું છે. ઘાસચારો ભરેલું આઈસર ટ્રકનું ટાયર ફાટતા આ દુર્ઘટના બની છે. આઈસર ટ્રકમાં ઘાસચારા પર ૧૫ જેટલા મજૂરો સવાર હતા. ત્યારે વાહન પલટી જતા તમામ ઘાસચારા નીચે દબાયા હતા. પરંતુ તાકીદે તેમને બહાર કાઢવામાં આવ્યા જે પૈકી ૬ મજૂરોના મોત નિપજ્યા છે. બાકીનાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની માહિતી મળતા પોલીસ કાફલો અને લોકોના ટોળા ત્યાં દોડી ગયા હતા.

આ અકસ્માતને પગલે રાહદારીઓના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. સ્થાનિકોએ આ અંગે ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરી બચાવ કામગીરી શરૂકરી હતી. હાલ ૧૦૮ સહિત પોલસની ટીમ ઘટના સ્થળે દોડી આવી છે અને બચાવ કામગીરી હાથ ધરી છે. મૃત્યુઆંકમાં વધારો થવાની આશંકા સેવાઈ રહી છે.

## આરોગ્ય મંત્રીની ઉપસ્થિતિમાં મુખ્ય સચિવ અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજતા મુખ્યમંત્રી

# રાજ્યમાં કોવિડ-૧૯ સામે આરોગ્યતંત્રની સજ્જતાની સમીક્ષા : તમામ સરકારી ખાનગી હોસ્પિટલોમાં ૧૦ અને ૧૧ એપ્રિલે મોક ડ્રીલ યોજાશે



ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યમાં કોવિડ-૧૯ ની સ્થિતિ અને તે સામે આરોગ્યતંત્રની સજ્જતાની સર્વગ્રાહી સમીક્ષા ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને કરી હતી. રાજ્યભરમાં ટેસ્ટ -ટ્રેક-ટ્રીટમેન્ટના આધારે કોવિડના કેસો કે શંકાસ્પદ લક્ષણો ધરાવતા વ્યક્તિઓને વહેલા નિદાન અને સમયસર સારવારની વ્યવસ્થા આરોગ્ય વિભાગે ગોઠવી છે, તેની આ બેઠકમાં વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. તદ્ અનુસાર ,ગુજરાતમાં દરરોજ પ્રતિ મિલિયન ૨૬૮ ટેસ્ટિંગ કરવામાં આવે છે તેમજ કોવિડ -૧૯ પોઝિટિવ દર્દીઓનું જીનોમ સિકવન્સીંગ પણ કરાય છે. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં જણાવવામાં આવ્યું કે, આગામી ૧૦ અને ૧૧ એપ્રિલના દિવસોએ રાજ્યની તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં મોકડ્રીલ યોજવામાં આવશે.

આ મોકડ્રીલ અંતર્ગત તમામ સાધન સામગ્રી, બેડ, ઓક્સિજન પ્લાન્ટ, વેન્ટિલેટર્સ, ફાયર સેફટી તેમજ દવાઓ , માનવ બલ વગેરે ની સજ્જતા ચકાસણી કરવામાં આવશે. આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલે બેઠકમાં આરોગ્ય વિભાગની સઘન કામગીરીની વિગતો આપી હતી. તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, રાજ્યમાં વહેલા નિદાન અને સારવારને પરિણામે હોસ્પિટલાઈઝેશન એટલે કે દાખલ કરવા પડે એવા દર્દીઓનું પ્રમાણ ૩% કરતાં ઓછું છે અને મૃત્યુદર પણ નહિવત છે. કોવિડ-૧૯ કેસોનું દૈનિક ધોરણે એનાલિસિસ કરીને આરોગ્ય વિભાગ રોગ અટકાયતના પગલા પણ ત્વરાએ લે છે તેની આ બેઠકમાં વિગતો આપવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે હોસ્પિટલોમાં દવા વગેરેના પુરવઠાની પણ સમીક્ષા હાથ ધરી હતી. આયુર્વેદિક વિભાગ દ્વારા પણ ઉકાળા વિતરણ અને હોમિયોપેથી દવાનું વિતરણ રાજ્યમાં કરવામાં આવે છે તેમ આ સમીક્ષા બેઠકમાં જણાવવા માં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે બેઠકમાં જણાવ્યું કે કોરોના સામે ગભરાટ કે ડર વિના સાવચેતી સલામતી રાખવા લોકોને કોરોના એપ્રોપ્રિએટ બીહેવીયર માટે જાગૃત કરવા જરૂરી છે. ઉંમરલાયક વ્યક્તિઓ અને દર્દીઓએ જાહેર ભીડભાળવાળી જગ્યાએ ન જવા અને માસ્ક પહેરવું ,ઉધરસ કે છીંક ખાતી વખતે મોં આગળ રૂમાલ રાખવો તેમજ વારંવાર હાથ ધોવા, સેનેટાઈઝરનો ઉપયોગ કરવો અને જાહેર સ્થળોએ થૂંકવું નહીં જેવી બાબતો અંગે લોકજાગૃતિ કેળવવા તેમણે બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસ નાથન, વરીષ્ઠ સચિવો અને પ્રતિષ્ઠિત તજજ્ઞ ડોકટર્સ, સિવિલ હોસ્પિટલના અને આરોગ્ય વિભાગના અધિકારીઓ પણ જોડાયા હતા.

# માઉન્ટ આબુમાં કરા સાથે પડ્યો ધોધમાર કમોસમી વરસાદ, સહેલાણીઓએ માણી મઝા





બનાસકાંઠા

રાજ્યમાં છેલ્લા ઘણાં દિવસોથી અનેક વિસ્તારોમાં કરા સાથે માવઠું થઈ રહ્યું છે. ત્યારે ગુજરાતીઓના મનપસંદ હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં પણ માવઠા સાથે કરા પડ્યા છે. જે બાદ આખા વિસ્તારમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને સહેલાણીઓને વાતાવરણની મઝા માણી હતી. સવારથી આબુમાં આકાશ વાદળોથી ઘેરાયેલું હતું અને વાતાવરણમાં ભેજ છવાયો હતો. જેની અસરના પગલે બપોર બાદ ભારે વરસાદ શરૂ થયો હતો અને ત્યારબાદ વરસાદ અને કરા પડ્યા હતા. માઉન્ટ આબુમાં અચાનક કરા પડતા સ્થાનિક લોકો અને સહેલાણીઓએ તેની મઝા માણી હતી. સહેલાણીઓ કરા હાથમાં લઈને રમી રહ્યા હતા. આબુમાં વાદળછવાયા બાદ માવઠું અને કરા પડ્યા હતા. માવઠું પડવાથી આખા વિસ્તારમાં સફેદ ચાદર છવાઈ ગઈ હોય તેમ લાગી રહ્યું હતુ. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આજે ૩૦ માર્ચે અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, મહિસાગર, બનાસકાંઠા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, મોરબી, દ્વારકા, બોટાદ, કચ્છમાં ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે અને ગાજવીજ સાથે સામાન્ય વરસાદની આગાહી કરાઈ છે. જ્યારે ૩૧ માર્ચે સુરત, ભરૂચ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથમાં ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે અને ગાજવીજ સાથે સામાન્ય વરસાદની આગાહી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, બે દિવસ બાદ કમોસમી વરસાદનું જોર ઘટશે. તથા સૌરાષ્ટ્ર, મ.ગુજરાત, ઉ.ગુજરાતમાં કમોસમી વરસાદ રહેશે. સૌરાષ્ટ્રમાં આવતીકાલે કમોમસી વરસાદનું જોર રહેશે. આ સાથે અમદાવાદ, વડોદરા, ગાંધીનગર સહિતમાં માવઠું રહેશે. ત્રણ દિવસ બાદ ગુજરાતમાં ગરમીનો પારો વધશે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ માવઠાની આગાહી કરતા જણાવ્યુ કે, ૩૧મી માર્ચ સુધી ફરી માવઠું પડી શકે છે. પશ્ચિમી વિક્ષેપને કારણે રાજ્યમાં માવઠું થઈ શકે છે.

વીજળીના કડાકા સાથે ઘણાં વિસ્તારમાં કરા પણ પડી શકે છે. જે બાદ ભેજના કારણે ત્રણથી આઠ એપ્રિલ સુધી ફરી રાજ્યમાં વાતાવરણ પલટાશે અને વાદળછાયું વાતારણ રહેવાની શક્યતા છે. ૮થી ૧૪ એપ્રિલ સુધી આંધી, વંટોળ સાથે કમોસમી વરસાદ અને કરા પણ પડી શકે છે. જેથી ૮થી ૧૪ એપ્રિલ સુધી ખેડૂતોને સાવધાન રહેવું પડશે.

# ગુજરાતમાં માત્ર દોઢ વર્ષમાં વાહનચાલકો પાસેથી ૧૩૮ કરોડનો જંગી દંડ વસૂલાયો




ગાંધીનગર

ટ્રાફિકના નિયમોની બધાને જાણ હોવી ખુબ જરૂરી છે. ગુજરાતમાં છેલ્લા દોઢ વર્ષમાં વાહન ચાલકો પાસેથી ૧૩૮ કરોડ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે. અત્રે જણાવવાનું કે ગુજરાતમાં હાલમાં જ વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી અને ભૂપેન્દ્ર પટેલ સરકાર હાલ રાજ્યમાં સત્તા પર છે. ભૂપેન્દ્ર પટેલ છેલ્લા દોઢ વર્ષથી મુખ્યમંત્રી પદ સંભાળી રહ્યા છે. દોઢ વર્ષમાં સરકારે ટ્રાફિકના દંડ પેટે ૨૦૨૧-૨૨માં ૧૩૮.૧૫ રૂપિયા વસૂલ્યા છે.

મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૭-૧૮થી લઈને ૨૦૨૧-૨૨ સુધીના પાંચ વર્ષની જો વાત કરીએ તો આ પાંચ વર્ષમાં ટ્રાફિકના નિયમોનો ભંગ બદલ વાહન ચાલકો પાસેથી દંડ પેટે ૬૩૦.૧૩ કરોડ વસૂલાયા હતા. અત્રે જણાવવાનું કે ટ્રાફિક તંત્રને આ દંડ જે ઉઘરાવવામાં આવે છે તે માટે ટાર્ગેટ આપવામાં આવતા હોય છે. ઉપરોક્ત પાંચ વર્ષ દરમિયાન ૬૬૧.૯૯ કરોડનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો જેને જોતા સામે ૬૩૦.૧૩ કરોડ વસૂલાયા. કેગનો જે લેટેસ્ટ રિપોર્ટ આવ્યો છે તેમાં જણાવાયું છે કે વર્ષ ૨૦૧૨-૧૨થી ૨૦૨૧-૨૨ એમ કુલ ૧૦ વર્ષમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ ૯૬૪.૪૩ કરોડનો ખરેખર દંડ વસૂલાયો અને પર્સનલ લેજર એકાઉન્ટ- પીએમએમાં તેની તબદિલી વચ્ચે ૧૯ ટકાનો મોટો તફાવત જોવા મળ્યો. આ ૧૦ વર્ષમાં પીએલએમાં ખરેખર તબદીલી જોઈએ તો ૭૯૧.૩૯ કરોડ જ થઈ હતી. એટલે કે ૧૮૩.૦૪ કરોડની ઓછી રકમ પીએલએમાં ટ્રાન્સફર થઈ હતી.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : જયેન્દ્ર ઉપાધ્યાયે સંજય પ્રિન્ટરી, ઈ-૫૧, જીઆઈડીસી, સેક્ટર-૨૬, ગાંધીનગર ખાતે છાપી એજ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું. Printer, Publisher and Owner, JAYENDRA M UPADHYAY and printed at SANJAY PRINTRY, E-51, G.I.D.C., sector 26, Gandhinagar and publis hed from E-51, G.I.D.C., sector 26, Gandhinagar, Ph. 29750083, 9427613251